પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૦૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૩-૦૪-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# સુરતમાં ભાજપ ઉમેદવાર મુકેશ દલાલ બિનહરિફ બન્યા છે. ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર આવું થયું છે

## અપક્ષના તમામ ૮ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા મુકેશ દલાલ બિનિહરિફ થયા છે

સુરત,

લોકસભાની ચૂંટણી પહેલા ભાજપે ઈતિહાસ રચ્યો છે. ચૂંટણી પહેલા ભાજપની જીત થઈ છે. સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાયા છે. આવુ પહેલીવાર થયુ છે કે કોઈ ઉમેદવાર ચૂંટણી પહેલા બિનહરિફ થયા હોય. સુરત લોકસભા બેઠક પર ઈતિહાસ રચાયો છે. સુરત લોકસભા બેઠક બિન હરીફ થઈ છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ બન્યા છે. ત્યારે આ ઐતિહાસિક જીત પર ભાજપમાં જશ્નનો માહોલ શરૂ થયો છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલે મુકેશ દલાલને મીઠાઈ ખવડાવીને તેમને અભિનંદન આપ્યા હતા. ભાજપના લોકસભાના બિનહરિફ ઉમેદવાર મુકેશ દલાલે ભાજપ પ્રદેશ પ્રમુખ સાથે મુલાકાત કરી.

સુરત લોકસભા બેઠકો પર મુકેશ દલાલ બિનહરીફ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સુરત લોકસભા બેઠક ઉપર હવે કોઈ પ્રકારની ચૂંટણી એટલે કે મતદાન કરવાની જરૂર નથી. એક જ ઉમેદવાર બાકી રહ્યા હોવાના કારણે તેઓને બિનહરીફ નિયમો અંતર્ગત કરવામાં આવશે.




સુરતમાં બે દિવસથી ચાલી રહેલા હાઈવોલ્ટેજ ડ્રામાનો આખરે અંત આવ્યો છે. ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ વન વે જીતી ગયા છે. તેમની સૌથી મોટી ટક્કર કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી સાથે હતી. બે દિવસ પહેલા કુંભાણીના ચારેય ટેકેદારો ફરી ગયા હતા, અને નિલેશ કુંભાણીનું ફોર્મ કેન્સલ થયું હતું. જેના બાદ ગઈકાલથી આ રાજકીય ઘટનાએ વેગ પકડ્યો હતો. તેના બાદ આજે ૮ અપક્ષ ઉમેદવારોએ એક પછી એક ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની શરૂઆત કરી હતી. છેલ્લે વાત બીએસપીના ઉમેદવાર પ્યારેલાલ અડચણ રૂપ બન્યા હતા. આખરે બસપાના ઉમેદવારે પણ ફોર્મ પરત ખેંચ્યુ હતું. આમ, કોંગ્રેસનું ફોર્મ રદ થયા બાદ અન્ય ૮ ઉમેદવારોએ પણ પીછેહટ કરી હતી. જેના બાદ ભાજપના મુકેશ દલાલને બિનહરિફ જાહેર કરાયા હતા.

સુરતમાં ૮ ઉમેદવારોમાંથી ૭ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચ્યા હતા. જેના બાદ માત્ર બીએસપીના એક ઉમેદવાર જ ફોર્મ ખેંચવાના બાકી બચ્યા હતા. તેથી બીએસપીએ પોતાના ઉમેદવાર પ્યારેલાલ માટે પોલીસ પ્રોટેક્શનની માંગણી કરી હતી. પ્યારેલાલને ઉમેદવારી પાછા ખેંચવા માટે મળી રહેલી ધમકી અને લોભાવની લાલચને ધ્યાનમાં રાખી પાર્ટી તરફથી પોલીસ પ્રોટેક્શનની માંગ કરવામાં આવી હતી. તારીખ ૨૧ એપ્રિલના રોજ સુરત જિલ્લા કલેક્ટર પાસેથી પાર્ટી તરફથી લેખિતમાં પોલીસ પ્રોટેક્શનની માંગણી કરવામાં આવી હતી. જેમાં લખાયું હતું કે, જુદા જુદા નંબરોથી તેમને ફોન કરી પૈસા આપવાની વાત કરવામાં આવી હતી. ઉમેદવારને જાનમાલની હાનિ થઈ શકે આ માટે પોલીસ પ્રોટેક્શનની માંગ કરાઈ છે. બાદમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ગાયબ થયા બાદ કલેક્ટર કચેરીએ પ્રગટ થયા છે અને તેમણે ઉમેદવારી પત્રક પરત ખેંચવાની પ્રક્રિયા શરૂ કરી છે.સુરતમાં ભાજપનો ઉમેદવાર બિન હરીફ જાહેર થતા ઈતિહાસ સર્જાયો છે. ભાજપ પહેલીવાર લોકસભા ચૂંટણીમાં કોઈ બેઠક બિન હરીફ જીત્યું છે. અત્યાર સુધી લોકસભાની ચૂંટણીમાં ૨૮ સાંસદ બિન હરીફ જીત્યા છે. સૌથી વધારે જમ્મુ-કાશ્મીરમાં સાંસદ બિન હરીફ જીત્યા છે. ત્યારે હવે સુરત બેઠક પર ભાજપની આ જીત ઐતિહાસિક ગણાવી શકાય.

ચૂંટણી અધિકારી દ્વારા કોંગ્રેસનાં ઉમેદવારનું ફોર્મ રદ કર્યુ હતું. જે બાદ રાજકીય પક્ષો દ્વારા એકબીજા પર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. તેમજ હિયરીંગ દરમ્યાન કુંભાણીનાં ટેકેદારમાંથી એક પણ વ્યક્તિ ચૂંટણી અધિકારી સમક્ષ હીયરીંગમાં હાજર ન થતા મામલો ગરમાવા પામ્યો હતો. ત્યારે ચૂંટણી અધિકારીએ કરેલ તપાસમાં ત્રણેય ટેકેદારો દ્વારા ઉમેદવારી પત્રમાં કરેલી સહીઓ મેચ ન થતા મામલો પેચીદો બન્યો હતો. એક પણ ટેકેદાર હાજર ન રહેતા અંતે ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું હતું.

ભાજપના પ્રદેશ સહપ્રવક્તા દીપક જોશીએ ફોર્મ રદ થવાને લઇ કોંગ્રેસ પર આક્ષેપ કર્યા છે. દીપક જોશીએ જણાવ્યું કે જ્ઞાતિના આધારે ચૂંટણી લડવાનું કામ કરતી કોંગ્રેસને પ્રજા કડક જવાબ આપે છે. ઉમેદવારના ફોર્મમાં ખામી હોવાથી ફોર્મ રદ થયું છે. ત્યારે આ વખતે પણ કોંગ્રેસ નવા નવા પ્રશ્નો ઉભા કરી રહી છે. નિલેશ કુંભાણીના ત્રણે-ત્રણ ટેકેદાર ખાસ અને અંગત છે. તેવામાં ખાસ લોકો જ દગાબાજ નીકળે તેવું તો કેવી રીતે માની લેવું. હાલ તો કોંગ્રેસ આ મામલે કોર્ટના દ્વારે પહોંચી છે. ત્યારે જોવાનું એ રહેશે કે, કોર્ટમાંથી કોઈ રાહત મળે છે કે, નહીં. હાલ જે રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે. તેને લઈને સવાલો ઉઠી રહ્યા છે. કારણ કે, નિલેશ કુંભાણી એક માત્ર એવા ઉમેદવાર નથી. જેમના ટેકેદારોએ સહી પોતાની ન હોવાનું કહેતા તેમનું ફોર્મ રદ થયું. પરંતુ ડમી ઉમેદવાર સુરેશ પડસાલાનું ફોર્મ પણ ટેકેદારો દ્વારા સહી અંગે વાંધો ઉઠાવતા રદ થયું છે. તેવામાં ખીચડી ક્યાં અને કેવી રીતે રંધાઈ હશે તે તમે જાણી ચૂક્યા હશો.

## વલસાડ એક્સપ્રેસમાં આગ ઓલવતી વખતે વિસ્ફોટ,આરપીએફ કોન્સ્ટેબલનું મોત



મુઝફ્ફરપુર,

મુઝફ્ફરપુર રેલવે સ્ટેશન પર વલસાડ એક્સપ્રેસની બોગીમાં બ્લાસ્ટ થતાં એક આરપીએફ જવાનનું મોત થયું હતું. બોગીમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આરપીપીએફની ટીમે આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યું હતું. તે જ સમયે કોન્સ્ટેબલ વિનોદ કુમારે નાના ફાયર સિલિન્ડર (અગ્નિશામક) વડે આગ ઓલવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ દરમિયાન આગના સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે વિનોદ કુમારનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટના બાદ વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. રેલવે અધિકારીઓએ વિનોદ કુમારને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો પરંતુ ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.જણાવવામાં આવી રહ્યું છે કે વલસાડ એક્સપ્રેસ સોમવારે સવારે ૬.૩૦ વાગ્યે મુઝફ્ફરપુર રેલવે સ્ટેશન પર આવી હતી. થોડા સમય બાદ ટ્રેનની જી-૮ બોગીના ટોયલેટમાં આગની જ્વાળાઓ બહાર આવવા લાગી. આગની માહિતી મળતાં જ રેલવે અને આરપીએફની ટીમો અહીં પહોંચી અને આગને કાબૂમાં લેવાનું શરૂ કર્યું. આરપીએફ જવાન વિનોદ કુમાર પણ આગ પર કાબૂ મેળવવા માટે પહોંચ્યા હતા. તેણે ફાયર સિલિન્ડર વડે આગને કાબૂમાં લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. એક ફાયર સિલિન્ડર ખતમ થઈ ગયો હતો પરંતુ જ્વાળાઓ ઓછી થઈ ન હતી. દરમિયાન અન્ય ફાયર સિલિન્ડર વડે આગને કાબૂમાં લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. સિલિન્ડરનું લોક ખોલતાની સાથે જ સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. જેમાં વિનોદ કુમારનું મોત થયું હતું.આરપીએફએ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને તપાસ શરૂ કરી છે. આરપીએફના જણાવ્યા અનુસાર કોન્સ્ટેબલ વિનોદ કુમાર આરા નગર વિસ્તારનો રહેવાસી હતો. બે વર્ષથી મુઝફ્ફરપુર આરપીએફ પોસ્ટમાં કોન્સ્ટેબલ તરીકે તૈનાત હતા. ટીમે તેના પરિવારને જાણ કરી છે. આ ઘટના બાદ પરિવારના સભ્યોની હાલત ખરાબ છે અને રડી રહ્યા છે.

## સૌ પ્રથમવાર હિંદી રેડીયો પ્રસારણની શરૂઆત, ભારતીય દૂતાવાસે પ્રશંસા કરી

કુવૈત,

કુવૈતમાં સૌ પ્રથમવાર હિંદી રેડિયો પ્રસારણની શરૂઆત થઇ છે. કુવૈતમાં ભારતીય દૂતાવાસે આ અંગે માહિતી આપી હતી. મહત્વનું છે કે કુવૈતમાં ભારતીય સમુદાયનો મોટો વર્ગ છે ત્યારે હિંદીમાં રેડિયો પ્રસારણની શરૂઆત થતા ભારતીય દૂતાવાસ સહિત કુવૈતમાં રહેતા ભારતીયોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

ભારતીય દૂતાવાસે એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે કુવૈતના માહિતી મંત્રાલયની પ્રશંસા કરી હતી. ભારતીય દૂતાવાસે કહ્યું કે કુવૈત દ્વારા લેવામાં આવેલ આ પગલું બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને, ભારતીય દૂતાવાસે કહ્યું, કુવૈતમાં પ્રથમ વખત હિન્દી રેડિયો પ્રસારણ શરૂ થયું છે. ૨૧ એપ્રિલ ૨૦૨૪ થી દર રવિવારે (૮:૩૦ થી ૯ પીએમ) એફએમ ૯૩.૩ અને એએમ ૯૬.૩ પર કુવૈત રેડિયો પર હિન્દી કાર્યક્રમ શરૂ કરવા માટે ભારતીય દૂતાવાસ કુવૈતના સંચાર મંત્રાલયની પ્રશંસા કરે છે. આ પગલાથી ભારત-કુવૈત સંબંધો વધુ મજબૂત બનશે.

મહત્વનુંછે કે કુવૈતમાં લગભગ ૧૦ લાખ ભારતીયો રહે છે. જે દેશનો સૌથી મોટો પ્રવાસી સમુદાય છે. કુવૈતમાં ભારતીયોને પસંદગીનો સમુદાય માનવામાં આવે છે. ઈજનેરો, ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વૈજ્ઞાનિકો, સોફ્ટવેર નિષ્ણાંતો, મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ્સ, આર્કિટેક્ટ્સ, ટેકનિશિયન અને નર્સો જેવા વ્યાવસાયિકો ઉપરાંત રિટેલર્સ અને બિઝનેસમેન પણ અહીં રહે છે. ભારત લાંબા સમયથી કુવૈતનું વેપારી ભાગીદાર છે. વર્ષ ૨૦૨૧ અને ૨૦૨૨માં બંને દેશોએ રાજદ્વારી સંબંધોની ૬૦ વર્ષની ઉજવણી કરી હતી. ભારતીય રાજદૂત આદર્શ સ્વૈકા કુવૈતના નાયબ વડાપ્રધાનને ૧૭ એપ્રિલના રોજ મળ્યા હતા. જે દરમિયાન ભારતીય રાજદૂતે કુવૈત દ્વારા શરૂ કરાયેલા પ્રવાસી-મૈત્રીપૂર્ણ પગલાંની પણ પ્રશંસા કરી હતી. કુવૈતમાં ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

## ભગવાન રામ દરેકના છે, માત્ર હિન્દુઓના જ નહીં,ફારૂક અબ્દુલ્લા

રાંચી,

નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે ભગવાન રામ માત્ર હિંદુઓના જ નહીં પરંતુ દરેકના છે. તેઓ રાંચીમાં વિપક્ષી ગઠબંધન 'ભારત'ની 'ઉલ્ગુલાન ન્યાય મહારેલી'ને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કોઈપણ પક્ષનું નામ લીધા વિના કહ્યું કે તેઓ ભગવાન રામને વેચી રહ્યા છે. તેઓ દાવો કરી રહ્યા છે કે તેઓ તેમને લાવ્યા છે. તેઓ ભગવાન રામને ઓળખતા નથી. રામ માત્ર હિંદુઓના જ નહીં, વિશ્વના છે. રામ દરેકના છે, પણ તેમણે રામને પોતાનો બનાવી લીધો છે અને દાવો કરી રહ્યા છે કે તેઓ માત્ર તેમના જ છે.

ફારુક અબ્દુલ્લાએ ભાજપ પર પ્રહાર કરતા કહ્યું કે, તે ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની લોકપ્રિયતાથી ડરે છે. તેને કોઈપણ ભૂલ વગર જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો. અબ્દુલ્લાએ લોકોને અપીલ કરી કે તેઓ દેશ અને લોકશાહીને બચાવવા ભારતીય ઉમેદવારોની તરફેણમાં મતદાન કરે.

કેજરીવાલને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા ૨૧ માર્ચે દિલ્હીની એક્સાઈઝ પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. તે તિહાર જેલમાં બંધ છે. તે જ સમયે, ઈડીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યા પછી તરત જ, કથિત જમીન છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ૩૧ જાન્યુઆરીએ સોરેનની ધરપકડ પણ કરી હતી.

## અમેરિકામાં નવા નાગરિકોનો બીજો સૌથી મોટો સ્ત્રોત બન્યો ભારત, ૨૦૨૨માં લગભગ ૬૬ હજાર ભારતીયોને નાગરિકતા મળી

નવીદિલ્હી,

યુએસ સંસદીય અહેવાલ મુજબ, ૨૦૨૨ માં ૬૫,૯૬૦ ભારતીયો સત્તાવાર રીતે યુએસ નાગરિક બન્યા છે. આ સાથે, મેક્સિકો પછી, ભારત હવે અમેરિકા માટે નવા નાગરિકોનો બીજો સૌથી મોટો સ્ત્રોત બની ગયો છે. ૨૦૨૨ સુધીમાં, ૪૬ મિલિયન વિદેશી મૂળના નાગરિકો અમેરિકામાં રહેતા હતા, જે ૩૩૩ મિલિયનની વસ્તી સાથે દેશના ૧૪ ટકા છે.૧૫ એપ્રિલની તાજેતરની "યુએસ નેચરલાઈઝેશન પોલિસી" રિપોર્ટ અનુસાર, ૯૬૯,૩૮૦ લોકો નાણાકીય વર્ષ ૨૦૨૨માં નેચરલાઈઝ્ડ યુએસ નાગરિક બન્યા. અમેરિકામાં નિયમો અનુસાર નાગરિકતા મેળવવાના મામલે મેક્સિકો પ્રથમ ક્રમે છે, ત્યારબાદ ભારત, ફિલિપાઈન્સ, ક્યુબા અને ડોમિનિકન રિપબ્લિકના લોકો આવે છે.

તાજેતરના સીઆરએસ રિપોર્ટ અનુસાર, ૨૦૨૨માં ૧,૨૮,૮૭૮ મેક્સિકન લોકોને યુએસ નાગરિકતા આપવામાં આવી હતી. તેમના સિવાય ભારતના ૬૫,૯૬૦ નાગરિકો, ફિલિપાઈન્સના ૫૩,૪૧૩ નાગરિકો, ક્યુબાના ૪૬,૯૧૩ નાગરિકો, ડોમિનિકન રિપબ્લિકના ૩૪,૫૨૫ નાગરિકો, વિયેતનામના ૩૩,૨૪૬ નાગરિકો અને ચીનના ૨૭,૦૩૮ નાગરિકોને અમેરિકન નાગરિકતા આપવામાં આવી હતી. ઝઈજી રિપોર્ટ અનુસાર, ૨૦૨૩ સુધીમાં, યુએસમાં વિદેશી મૂળના નાગરિકોમાં ૨૮,૩૧,૩૩૦ લોકો ભારતના હતા. તમને જણાવી દઈએ કે મેક્સિકો (૧,૦૬,૩૮,૪૨૯) પછી આ બીજો સૌથી મોટો નંબર છે. આ સિવાય ૨૨,૨૫,૪૪૭ લોકો ચીનના છે.


રિપોર્ટ અનુસાર અમેરિકામાં રહેતા કુલ ભારતીય મૂળના ૪૨ ટકા લોકો હાલમાં અમેરિકન નાગરિકતા માટે અયોગ્ય છે. ૨૦૨૩ સુધીમાં, આશરે ૨૯૦,૦૦૦ ભારતીય મૂળના વિદેશી નાગરિકો કે જેઓ યુએસમાં ગ્રીન કાર્ડ પર હતા તેઓ હવે નાગરિકતા માટે પાત્ર છે. કેટલાક નિષ્ણાતોએ યુએસ ઈમિગ્રેશન વિભાગ દ્વારા નાગરિકતા અરજીઓની પ્રક્રિયા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

રિપોર્ટ અનુસાર, હોન્ડુરાસ, ગ્વાટેમાલા, વેનેઝુએલા, મેક્સિકો, અલ સાલ્વાડોર અને બ્રાઝિલના વિદેશી મૂળના લોકોને પ્રાકૃતિક નાગરિકતા મળવાની ટકાવારી ઘણી ઓછી છે. તે જ સમયે, વિયેતનામ, ફિલિપાઈન્સ, રશિયા, જમૈકા અને પાકિસ્તાનમાંથી વિદેશી જન્મેલા શરણાર્થીઓને નિયમો અનુસાર નાગરિકતા મળવાની ટકાવારી ઘણી વધારે છે.

## દરરોજ ૧ લાખ લોકો રામલલાના દર્શનનો લાહવો લઈ રહ્યા છે, પ્રાણ પ્રતિષ્ઠા બાદ ૧.૫ કરોડ લોકો પહોચ્યા અયોધ્યા

અયોધ્યા,

આ વર્ષે ૨૨ જાન્યુઆરીના રોજ પીએમ નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામ મંદિરનો અભિષેક કર્યો હતો, ત્યારબાદ ત્યાં ભક્તોની ભીડ જોવા મળી હતી. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહાસચિવ ચંપત રાયે જણાવ્યું હતું કે પ્રાણ પ્રતિષ્ઠા બાદથી લગભગ ૧.૫ કરોડ લોકો રામલલાના દર્શન કરવા અયોધ્યા ભાવિ મંદિરમાં પધાર્યા છે.



ચંપત રાયે કહ્યું, 'દરરોજ એક લાખથી વધુ લોકો મંદિરમાં દર્શન માટે આવી રહ્યા છે. ૨૨ જાન્યુઆરીએ 'પ્રાણ પ્રતિષ્ઠા'થી લઈને અત્યાર સુધીમાં લગભગ ૧.૫ કરોડ લોકો રામલલાના 'દર્શન' માટે આવ્યા છે. હાલમાં, મંદિરનું માત્ર ભોંયતળિયાનું જ કામ પૂર્ણ થયું છે. જ્યાં રામલલાનો અભિષેક કરવામાં આવ્યો હતો, પહેલા માળ પર કામ ચાલી રહ્યું છે. મંદિરની ફરતે ૧૪ ફૂટ પહોળી સુરક્ષા દિવાલ બનાવવામાં આવશે. આ દિવાલને મંદિરની 'પરકોટા' કહેવામાં આવે છે.

આ મંદિર ત્રણ માળનું હશે. દરેક માળની ઊંચાઈ ૨૦-૨૦ ફૂટ હશે. રામ મંદિર કુલ ૨.૭ એકરમાં બની રહ્યું છે. તેની ઊંચાઈ અંદાજે ૧૬૧ ફૂટ હશે. મંદિર નિર્માણ અને અન્ય પ્રોજેક્ટમાં વધુ સમય લાગી શકે છે. મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યું કે ભોંયતળિયું હમણાં જ બનાવવામાં આવ્યું છે. પહેલો અને બીજો માળ ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઈ જશે. પરંતુ, અયોધ્યામાં દિવ્યતા અને ભવ્યતા દેખાવા લાગી છે. આગામી દિવસોમાં અહીંના ભક્તોને ત્રેતાયુગ જેવો અનુભવ થશે. મંદિરની ડિઝાઈનથી લઈને શહેરની શૈલીમાં તે ખાસ છે.

રામ મંદિર ટ્રસ્ટનું કહેવું છે કે સંકુલમાં ભગવાન રામના મંદિરની સાથે ૭ અન્ય મંદિરો પણ બનાવવામાં આવી રહ્યા છે. મહર્ષિ વાલ્મિકી મંદિર, મહર્ષિ વશિષ્ઠ મંદિર, મહર્ષિ વિશ્વામિત્ર મંદિર, મહર્ષિ અગસ્ત્ય મંદિર, નિષાદ રાજ, માતા શબરી, દેવી અહિલ્યા મંદિર લોકોને ત્રેતાયુગ સાથે સીધો જોડાયેલો અનુભવ કરાવશે. મંદિરનો મુખ્ય દરવાજો સિંહ દ્વાર તરીકે ઓળખાશે. મંદિરનું નિર્માણ સંપૂર્ણપણે ભારતીય પરંપરા અનુસાર અને સ્વદેશી ટેક્નોલોજીથી કરવામાં આવી રહ્યું છે. પર્યાવરણ-જળ સંરક્ષણ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. કુલ ૭૦ એકર વિસ્તારમાંથી ૭૦% વિસ્તાર હંમેશ માટે હરિયાળો રહેશે.

મંદિર પાસે પ્રાચીન કાળનું સીતાકૂપ જોઈ શકાય છે. સંકુલના ચાર ખૂણામાં સૂર્ય, ભગવતી, ગણેશ અને શિવના મંદિરો બનાવવામાં આવશે. ઉત્તર અને દક્ષિણ ભાગમાં અન્નપૂર્ણા અને હનુમાનજીના મંદિરો હશે.

## શિક્ષક ભરતી કૌભાંડમાં મમતા સરકારને મોટો ઝટકો, હાઈકોર્ટે ૨૩,૦૦૦ શિક્ષકોની ભરતી રદ કરી

નવીદિલ્હી,

પશ્ચિમ બંગાળ શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં સોમવારે કોલકત્તા હાઈકોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કથિત રીતે ગેરકાયદેસર રીતે મેળવેલી તમામ નોકરીઓ રદ કરી હતી. જસ્ટિસ દેવાંશુ બસાક અને જસ્ટિસ મોહમ્મદ સબ્બીર રશીદની બનેલી કલકત્તા હાઈકોર્ટની ડિવિઝન બેંચે કહ્યું, "જે લોકો લાંબા સમયથી ગેરકાયદેસર રીતે કામ કરી રહ્યા છે તેમને વ્યાજ સહિત તેમનો પગાર પરત કરવો પડશે." આ નિર્ણય હેઠળ, ૨૫,૭૫૩ નોકરીઓ રદ કરવામાં આવી હતી. તેને ૨૦૧૬ની પેનલમાં નોકરી મળી હતી. પેનલનો કાર્યકાળ પૂરો થયા બાદ જેમને નોકરી મળી છે, તેમણે પેમેન્ટ કરવાનું રહેશે.

વાદીના વકીલે કહ્યું, "૨૦૧૬ની આખી પેનલ રદ કરવામાં આવી છે. કોર્ટે ડીએમને ૨૦૧૬ ની ચારેય ભરતી પ્રક્રિયાઓ - ગ્રુપ સી, ગ્રુપ ડી, ૯મી-૧૦મી, ૧૧મી-૧૨મી - પેનલને ચાર અઠવાડિયાની અંદર જાણ કરવાનો નિર્દેશ આપ્યો છે કોર્ટે કહ્યું છે કે પગાર અંદર પરત કરવાનો રહેશે. છ સપ્તાહમાં પગાર પરત આવે છે કે નહીં તે જોવાની જવાબદારી સંબંધિત ડીઆઈને આપવામાં આવી છે.

કોર્ટે કહ્યું કે એસએસસી પેનલ સમાપ્ત થયા પછી જેમને નોકરી મળી હતી તેમને જનતાના પૈસાથી ચૂકવણી કરવામાં આવી હતી. દરેક વ્યક્તિએ ચાર અઠવાડિયામાં વ્યાજ સહિત પગાર પરત કરવાનો રહેશે. દરેકને ૧૨ ટકા વાર્ષિક વ્યાજ સાથે પૈસા પરત કરવાના રહેશે. તમને જણાવી દઈએ કે ૨૩ હજાર ૭૫૩ નોકરીઓ રદ કરવામાં આવી છે. નવા લોકોને નોકરી મળશે. હાઈકોર્ટે ૧૫ દિવસમાં પ્રક્રિયા શરૂ કરવાનો નિર્દેશ આપ્યો છે.

શાસક તૃણમૂલ કોંગ્રેસના નેતા કુણાલ ઘોષે તેના એક્સ હેન્ડલ પર પોસ્ટ કર્યું. તેમણે લખ્યું, "શિક્ષકની નોકરીના પ્રશ્નો. જ્યાં ખોટું છે, અન્યાય છે, ત્યાં કાર્યવાહી થવી જોઈએ. દોષિતોને સજા થવી જોઈએ. પરંતુ, લાયક ઉમેદવારોની નોકરીમાં અવરોધ ન હોવો જોઈએ. સરકારે તેમને રોજગાર આપવા માટે સાચી સદભાવનાથી પ્રયાસ કર્યો છે.

કલકત્તા હાઈકોર્ટે સમગ્ર પેનલને અમાન્ય કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગ પેનલ દ્વારા કરવામાં આવેલી શાળા શિક્ષકની ભરતીને રદ કરી દીધી છે, જેના પછી ૨૩૦૦૦ શિક્ષકોએ તેમની નોકરી ગુમાવવી પડશે. આ ઉપરાંત કોર્ટે શિક્ષકોને આપેલો પગાર પણ પરત કરવાનો આદેશ કર્યો છે. આ લોકોને ચાર અઠવાડિયામાં ૧૨ ટકા વ્યાજ સાથે તેમનો આખો પગાર પરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ માટે કોર્ટે જિલ્લા અધિકારીઓને પૈસા વસૂલવા માટે ૬ અઠવાડિયાનો સમય આપ્યો છે. હાઈકોર્ટે શાળા સેવા આયોગને ફરીથી નવી નિમણૂંકો શરૂ કરવાનો આદેશ પણ આપ્યો છે.

આ મામલામાં ટીએમસીના ઘણા ધારાસભ્યો અને નેતાઓ અને શિક્ષણ વિભાગના ઘણા અધિકારીઓની ધરપકડ કરવામાં આવી છે. તત્કાલિન શિક્ષણ મંત્રી પાર્થ ચેટરજીની પણ ધરપકડ કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે, તપાસ દરમિયાન પાર્થ ચેટર્જીના સહયોગીઓ પાસેથી કરોડો રૂપિયા રિકવર કરવામાં આવ્યા હતા. નોંધનિય છે કે, આ કૌભાંડ વર્ષ ૨૦૧૪નું છે. તે સમયે પશ્ચિમ બંગાળ શાળા સેવા આયોગે સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતી કરી હતી. જેની પ્રક્રિયા વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. આ કેસમાં કૌભાંડની અનેક ફરિયાદો બહાર આવી હતી. જેમાં મેરિટ લિસ્ટમાં જે ઉમેદવારોના માર્ક્સ ઓછા હતા તે ટોપ પર હોવાનું જણાવ્યું હતું. આ સાથે એવો પણ આક્ષેપ થયો હતો કે જે, લોકોના નામ મેરિટ લિસ્ટમાં નહોતા તેમને નોકરી આપવામાં આવી હતી.

## કેદારનાથ ધામમાં હેલિકોપ્ટર સેવા માટે જુન સુધીના બુકીંગ ફુલ

દહેરાદૂન,

ઉતરાખંડમાં ૧૦ મેથી શરૂ થઈ રહેલી ચારધામ યાત્રાને ધ્યાનમાં રાખીને કેદારનાથ હેલિકોપ્ટર સેવાના બુકીંગને લઈને જબરદસ્ત ઉત્સવ જોવા મળ્યો છે. કેદારનાથ હવાઈ સેવા માટે ૨૦ જૂન સુધીનું બુકીંગ ફુલ થઈ ગયું છે.અમુક કલાકોમાં જ ૧૦ મે થી ૨૦ જૂન સુધીની બધી જ ટિકીટો બુક થઈ ચૂકી છે. આ બુકીંગ આઈઆરસીટીસીની વેબસાઈટના માધ્યમથી શરૂ થયું છે. શનિવારે જ બુકીંગ સર્વિસ ખોલવામાં આવી હતી. હવે ચોમાસાની સીઝનને બાદ કરતા ઉતરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ ઓથોરિટીએ સપ્ટેમ્બર-ઓક્ટોબરની હેલી સેવાઓના બુકીંગ માટે પણ વિન્ડો ખોલી દીધી છે જેથી ચારધામ માટે આવનારા લોકોને સુવિધા મળી શકે.જો રાજયવાર બુકીંગના આંકડા જોઈએ તો તેમાં મહારાષ્ટ્ર પહેલા નંબરે છે. અહીથી આવતા શ્રદ્ધાળુઓએ ૧૯૦૪ બુકીંગ કરાવ્યા છે. એ પછી ઉતરપ્રદેશના ૮૭૮, ગુજરાતના ૮૩૭, દિલ્હીના ૭૯૩, તેલંગાણાના ૬૭૯, મધ્યપ્રદેશના ૪૩૭, આંધ્રપ્રદેશના ૪૦૫, પશ્ચિમ બંગાળના ૩૯૧, રાજસ્થાનના ૩૨૮, હરિયાણાના ૨૫૧, અરુણાચલ પ્રદેશના ૨૩૮, ઉપરાંત દાદરાનગર હવેલી અને દીવ દમણના ચાર અને મણીપુરના એક અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૮ બુકીંગ કેટલાક કલાકમાં થઈ ગયા હતા.

## દેશના ૯૦ ટકા રાજ્યોમાં ગરમીને લઈને ડેન્જર ઝોનની સ્થિતિ

નવીદિલ્હી,

વર્ષ ૨૦૨૪ના ઉનાળામાં ગરમી તમામ રેકોર્ડ તોડી રહી છે. દેશના ૮ રાજ્યોમાં પાંચ દિવસ હીટવેવની આગાહી કરવામાં આવી છે. લૂનો ખતરો સતત વધી રહ્યો છે. ૧૭ શહેરોમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. બંગાળમાં ૨૨મી એપ્રિલથી શાળાઓમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. ગુજરાત સહિત ૨૩ રાજ્યોના ૧૨૫ જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે. ગત વર્ષે ૩૩ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ હતી. દુષ્કાળનો સામનો કરતા જિલ્લાઓમાં ૨૭૯ ટકાનો વધારો થયો છે. ગુજરાત, આંધ્ર પ્રદેશ, અરૂણાચલ પ્રદેશ જિલ્લામાં દુષ્કાળની સ્થિતિ છે. કર્ણાટક, મહારાષ્ટ્ર, હરિયાણા, હિમાચલ અને જમ્મુકાશ્મીરના જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે.જોકે હીટવેવની આગાહીને લઈને ગુજરાત પણ તૈયાર છે. તંત્રએ એકશન પ્લાન તૈયાર કર્યો છે. રાજયમાં તાપમાનનો પારો ૪૪ ડીગ્રી પહોંચી ગયો છે. આગામી દિવસોમાં પણ ગરમીનો પારો ઊંચો રહેશે એવું હવામાન નિષ્ણાતો કહી રહ્યા છે. ત્યારે ગાંધીનગરમાં આરોગ્ય વિભાગ દ્વારા લોકો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ગરમી વચ્ચે હીટ સ્ટ્રોકનો ભોગ ન બનાય અને જો ગરમીમાં બહાર નીકળીએ તો કઈ બાબતોનું ધ્યાન રાખવું એ અંગે પણ રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા સતત માહિતી અપાઈ રહી છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના ચુથાના મુવાડા ગામે ક્ષત્રિયાણીઓએ જય ભવાની ભાજપ જવાનીના કર્યા સુત્રોચ્ચાર



સંતરામપુર, રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ કરવામાં નહીં આવતા મહીસાગર જિલ્લામાં ક્ષત્રિય સમાજમાં આક્રોશ ફેલાયો છે અને આંદોલન પાર્ટ–૨ શરૂ કરવામાં આવ્યું છે. ક્ષત્રિય અસ્મિતા આંદોલન અંતર્ગત સંતરામપુર તાલુકાના ચુથાના મુવાડા ગામે ક્ષત્રિયાણીઓ પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે. ક્ષત્રિયાણીઓના જણાવ્યા મુજબ આ આંદોલનમાં ભાઈઓનું મનોબળ મજબૂત કરવા માટે તેઓ આખો દિવસ ફક્ત પાણી પર રહેશે અને મા શકિતની આરાધના કરશે. આજના ઉપવાસ આંદોલન દરમિયાન ભજન કરશે હનુમાન ચાલીસા પણ કરશે. આ લડાઇ નારીની અસ્મિતાનો સવાલ હોઈ નહિ કરીએ કોઈ સમાધાન, જય ભવાની ભાજપ જવાનીના સુત્રોચ્ચાર સાથે ક્ષત્રિયાણીઓ સમગ્ર વાતાવરણને ગુંજવ્યું હતું. તો ભાજપના કોઈ કાર્યકરને ગામમાં પ્રવેશબંધી અંગે બેનર પણ લગાવવામાં આવ્યા છે. આજથી ક્ષત્રિય સમાજ દ્વારા ધર્મરથ શરૂ કરવાનું આયોજન છે. ત્યારે જિલ્લાના ક્ષત્રિય સમાજમાં અસ્મિતા આંદોલન વેગ પકડી રહ્યું છે.આ આંદોલન ગામે ગામ પ્રસરે તેમ હાલ જણાઈ રહ્યું છે.

# બાલાસિનોરના દોલતપોરડા ખાતે તત્કાલિન તલાટી દ્વારા કરેલા કૌભાંડની પુનઃ તપાસમાં દોષિત ઠર્યા

બાલાસિનોર, બાલાસિનોર તાલુકામાં આવેલી દોલતપોરડા ગ્રામ પંચાયતમાં તત્કાલિન તલાટીઓ દ્વારા થયેલ ગેરરિતી બાબતે હાલના સરપંચ મનોજ પટેલ દ્વારા તાલુકા કક્ષાએ લેખિત અરજી કરી હતી. આ અરજી બાબતે તપાસમાં તત્કાલિન તલાટીઓ દ્વારા ગેરરિતી આચરાઈ હોવાનુ સાબિત થયુ હતુ.

બાલાસિનોર તાલુકાના દોલતપોરડા ગ્રામ પંચાયતમાં સને ૨૦૧૮ની સાલમાં ફરજ બજાવતા તલાટી ઉર્મીલા બેલદાર દ્વારા હાથ ઉપર કરેલા ખર્ચ, વધ–ઘટ રકમ, ફર્નીચરની ખરીદી, વાઉચર પર ઉપાડેલ રૂપિયા, સહિત રેકર્ડ છેડછાડ કર્યોની હોવાની ૨૫ મુદ્દાની અરજી કરવામાં આવી હતી. આ અરજી બાલાસિનોર તાલુકા પંચાયત દ્વારા ટીમ બનાવી કામોની ચકાસણી કરવામાં આવી હતી. જેનો ૪૯૦ પાનાનો અહેવાલ જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવ્યો હતો. આ બાબતે જિલ્લા કક્ષાએથી તાલુકા પંચાયતને લેખિત સુચના આપવામાં આવી હતી કે, સ્પષ્ટ સમજાય તેવો અહેવાલ તૈયાર કરી મોકલવો સાથે અરજદાર મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં અરજી કરતા બાલાસિનોર તાલુકા પંચાયતને પુનઃ તપાસ માટેના આદેશ આપવામાં આવ્યા હતા.

બાલાસિનોર તાલુકા પંચાયત દ્વારા ફરીથી ૩૬ મુદ્દાઓ પર અહેવાલ તૈયાર કરી મોકલી આપ્યો હતો. જેમાં તપાસ દરમિયાન ૩૬ મુદ્દાઓમાં તત્કાલિન તલાટી ઉર્મીલા બેલદાર દ્વારા ગંભીર પ્રકારની વહીવટી તેમજ નાણાંકિય અનિયમિતતા તેમજ ફરજ પ્રત્યે બેદરકારી સામે આવતા પુનઃ થયેલા અહેવાલમાં પણ તત્કાલિન તલાટી ઉર્મીલા બેલદાર દોષિત ઠર્યા છે.

# જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદ દ્વારા વિશ્વ પૃથ્વી દિન નિમિતે વૃક્ષારોપણ તથા કાનૂની જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા



નડીયાદ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદની સુચના અને માર્ગદર્શન અનુસાર આજરોજ તા.૨૨/૦૪/૨૦૨૪ વિશ્વ પૃથ્વી દિન નિમિતે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, નડીઆદ દ્વારા સામાજીક વનીકરણ વિભાગ ખેડા–નડીઆદનાં સહયોગથી જીલ્લા ન્યાયાલય નડીઆદ મુખ્ય મથક તથા તાલુકા મથકે આવેલ તાલુકા કોર્ટો ખાતે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ તથા મફત અને સક્ષમ કાનૂની સહાય વિશેના જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

આ વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જીલ્લા ન્યાયાલય નડીઆદ મુખ્ય મથક ખાતે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા–નડીઆદના ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ . એન એ. અંજારીઆનાં અધ્યક્ષપણા હેઠળ પ્રિન્સિપાલ ફેમીલી જજ સહિત તમામ ન્યાયાધીશઓ, જીલ્લા સરકારી વકીલ, નડીઆદ બાર એસોસિયેશનનાં પ્રમુખ–મંત્રી કારોબારી સભ્યો, સામાજીક વનીકરણ વિભાગ ખેડા–નડીઆદનાં અધિકારી–કર્મચારીઓ, જીલ્લા ન્યાયાલય નડીઆદનાં રજીસ્ટ્રાર સહિત સૌ કર્મચારીઓએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તથા નડીઆદ ખાતે આવેલ આઈ.ટી.સી. કંપનીમાં કામ કરતાં કામદાર ભાઈઓ બહેનો માટે કાનૂની જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો જેમાં પેનલ એડવોકેટ આઈ એસ. સૈયદ, પેરા લીગલ વોલન્ટીયર એમ એમ. પરમાર દ્વારા મફત અને સક્ષમ કાનૂની સહાય તથા અન્ય મહિલાઓ અને કામદારોને લગતાં વિવિધ કાયદાઓ વિશે વિસ્તૃત માહિતી અને સમજ આપી હતી.

આમ, આજનાં આ જીલ્લા ન્યાયાલય નડીઆદ મુખ્ય મથક, તાલુકા કોર્ટો સહિત અન્ય જગ્યાઓએ યોજાયેલ વિશેષ વૃક્ષારોપણ તથા કાનૂની જનજાગૃતિ કાર્યક્રમોમાં કુલ–૩૦૦ થી વધુ લોકોએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમોને સફળ બનાવેલ છે. તેમ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય, ખેડા–નડીઆદના ફુલ ટાઈમ સેક્રેટરી . ડી બી. યાદીમાં જણાવેલ છે.

# મહીસાગર જીલ્લા ચુંટણી અધિકારીના અધ્યક્ષ સ્થાને વિવિધ વ્યવસાયો સાથે જોડાયેલ વેપારીઓ અને અધિકારીઓ સાથે બેઠક યોજાઇ




મહીસાગર, લોકસભા સામાન્ય ચુંટણી–૨૦૨૪નું મતદાન ૭મી મેના રોજ યોજાનાર છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લા ચુંટણી અધિકારી નેહાકુમારી દ્વારા વિવિધ માધ્યમો દ્વારા મતદાનની ટકાવારી વધે તે હેતુસર અનેક કાર્યક્રમો તથા નવતર પ્રયોગો કરવામાં આવી રહેલ છે.

જે અંતર્ગત વિવિધ વ્યવસાયો સાથે જોડાયેલ વેપારીઓ, મેડીકલ સ્ટોરના માલીકો તથા મોલ અને હોટેલના સંચાલકો સાથે બેઠકનુ આયોજન કરવામાં આવ્યું. જીલ્લાની ઉદ્યોગ કચેરી, શ્રમ આયુક્ત કચેરી, જીએસટી વિભાગ, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સહીત વિવિધ વિભાગો દ્વારા મતદાનના દિવસે કામદાર વર્ગને મતદાન માટે રજા સુનિશ્ચિત કરવા તેમજ વિવિધ ક્ષેત્રના વેપારીઓ ઉદ્યોગકારો અને સંસ્થાઓની મહત્તમ મતદાન માટે મતદાન જાગૃતિ માટે યોગદાન આપે તે માટે સૂચનો મેળવી પરિણામલક્ષી કામગીરી માટે જણાવવામાં આવ્યું.

મતદાર જાગૃતિ કાર્યક્રમમાં તમામ સંસ્થાઓની સહભાગીતા આવશ્યક છે. જે અનુસાર જુદા જુદા વ્યવસાયકારોને તેમની વ્યવસાયના સ્થળે સેલ્ફી પોઈન્ટ, બેનર, સ્ટીકર તથા સ્ટેમ્પીંગ સ્લોગન લગાવવા તથા પત્રિકાઓ પ્રદર્શિત કરવા અને મતદાનના દિવસે મત આપીને આવેલા મતદારોને ખાસ ડીસ્કાઉન્ટ તેમજ તેમનુ સન્માન કરવા જેવા કાર્યક્રમો આયોજીત કરવા ચર્ચા વિચારણા કરવામાં આવ્યું.

આ બેઠકમાં જીલ્લા વિકાસ અધિકારી સી.એલ.પટેલ, પ્રોબેશનલ આઈએએસ મહેંક જૈન, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એમ.એસ.મનાત, જીલ્લા શિક્ષણ અધિકારી નૈલેશ મુનિયા , જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અવનીબા મોરી સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડા જીલ્લામાં વાવેતર સમયે નકલી બિયારણથી બચવા ખેડૂત જોગ સંદેશ

નડિયાદ, ખેડા જીલ્લામા ખેડૂતો આગામી ખરીફ ઋતુમા વાવેતર માટે બિયારણની ખરીદી કરતા હોય છે. પરંતુ અનેક વખત બિયારણ નકલી નીકળતા ખેડૂતોને નુકશાની વેઠવાનો વારો આવે છે. ત્યારે ખેડૂતો છેતરપીંડીથી બચે તે માટે લાયસન્સ ધારકો પાસેથી જ બિયારણની ખરીદી કરે તેવો તંત્ર દ્વારા અનુરોધ કરવામા આવે છે.

ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ ખરીદી કરવાનો આગ્રહ રાખવો. બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરૂં નામ સરનામું અને જે બિયારણ ખરીદેલું હોય તેનું નામ, જાત, બિયારણનો વર્ગ, લોટ નંબર, ઉત્પાદન તારીખ અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ, તેમજ તેની મુદ્દત પૂરી થઈ નથી તથા બીલમાં જણાવેલ તમામ વિગતો બિયરાણની થેલી લખેલી છે કે નહી તે બાબતે ખાસ ચકાસણી કરવી. મુદ્દત પૂરી થયેલી હોય તેવાં બિયારણની ખરીદી ક્યારેય કરવી નહીં.

ખાસ કરીને કપાસ પાકના બિયારણની થેલી અથવા પેકેટ કે જેના પર ઉત્પાદકનું નામ, સરનામું અને બિયારણના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા ૪ જી અને ૫ જી જેવા જુદાં–જુદાં નામે વેચાતા અમાન્ય બિયારણની કોઈપણ સંજોગોમાં ખરીદી કરવી નહીં. આ પ્રકારના બિયારણ વેચાતા હોવાનું જો ધ્યાને આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સ્પેક્ટર અથવા જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ને તુરંત જાણ કરવી. વાવણી બાદ ખરીદેલ બિયારણનું પેકેટ–થેલી તેમજ તેનું બીલ પણ સાચવી રાખવુ જરૂરી છે. ખાસ કરીને કોઈપણ સંજોગોમાં લાયસન્સ / પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી કયારેય પણ બિયારણની ખરીદી કરવી નહી જેથી છેતરપીંડીથી બચી શકાય એમ નાયબ ખેતી નિયામક (વિ.), નડિયાદ–ખેડા દ્વારા જણાવવામાં આવ્યુ છે.

# રીચા પાર્ટિકલ બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ માતર જીઆઈડીસી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો




નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત મતદાન જાગૃતિ માટે SVEEP કાર્યક્રમ કરવામાં આવે છે. તેને અનુલક્ષીને જીલ્લા શિક્ષણ અધિકારી કચેરી નડીયાદ તેમજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, નડીયાદના સંયુક્ત ઉપક્રમે માતર વિધાનસભા, સમાવિષ્ટ રીચા પાર્ટિકલ બોર્ડ પ્રાઈવેટ લિમિટેડ માતર જીઆઈડીસી ખાતે મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો અને દરેક કામદારોએ અચૂક મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી માર્ગદર્શન આપવામાં આવ્યું.

# મહિસાગર જીલ્લા ક્લેકટર દ્વારા મતદારોને ઉત્સાહભેર સહભાગી થતાં અપીલ

લુણાવાડા, લોકસભાની સામાન્ય ચૂંટણીનું ગુજરાત રાજ્યમાં ૭ મી મે ૨૦૨૪ના રોજ મતદાન થવાનું છે. ત્યારે મહીસાગર જીલ્લામાં મહત્તમ મતદાન થાય અને આંગણે આવેલા આ લોકશાહીના અવસરમાં મતદારો ઉત્સાહભેર સહભાગી બને તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિના અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. તો સાથે સાથે મહીસાગર જીલ્લા કલેકટરે મતદાન મથક પર મતદારો શું કાળજી રાખવી તે વિશે ખાસ માર્ગદર્શિકા જાહેર કરી છે. તેમણે જણાવ્યું છે કે, ચુંટણી કાર્ડથી મતદાન કરી શકાય છે, પરંતુ જો ઓરીજીનલ ચુંટણી કાર્ડ ન હોય તો તેને ડાઉનલોડ પણ કરી શકાય છે. મતદાર પાસે ચુંટણી કાર્ડ ન પણ હોય તો અન્ય ૧૨ માન્ય આધાર પુરાવાથી પણ મતદાન કરી શકાય છે, તો મતદાન માટે ચુંટણી કાર્ડ અથવા ૧૨ માન્ય પુરાવા (૧.આધાર કાર્ડ ૨.મનરેગા હેઠળ આપવામાં આવતા જોબ કાર્ડ૩. બેન્ક/ પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક ૪.શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલ હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ ૫.ડ્રાઈવીંગ લાયસન્સ ૬.પાનકાર્ડ ૭. એનપીઆર (National Population Register) અન્વયે આરજીઆઈ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ ૮.ભારતીય પાસપોર્ટ ૯.ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ ૧૦. કેન્દ્ર/ રાજય સરકાર/જાહેર ક્ષેત્ર ઉપક્રમો/જાહેર લિમિ, કંપનીઓએ કર્મચારીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો અને ૧૧.સંસદ સભ્યો/ ધારાસભ્યો/વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરેલા સરકારી ઓળખપત્રો ૧૨. ભારત સરકારના સામાજીક ન્યાય અધિકારીતા વિભાગ દ્વારા આપવામાં આવેલ Unique Disability ID(UDID) Card)માંથી કોઈ એક તૈયાર રાખવું જોઈએ. મતદાન મથક પર મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબધ છે તો ઘરે જ રાખવો સુવિધા જનક રહેશે. મતદારોને જે વોટર ઈન્ફોર્મેશન સ્લીપ આપવામાં આવે છે તે મતદાન મથકની જાણકારી માટે હોય છે તે ઓળખના પુરાવા માટે માન્ય ગણાતી નથી માટે ચુંટણી કાર્ડ અથવા ૧૨ માન્ય પુરાવા સાથે રાખવા જોઈએ. લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ માં ૭ મી મે ના રોજ યોજાનાર મતદાનનો સમય સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી નિયત કરેલો છે તો લોકશાહીના આ મહા પર્વમાં પોતાની સુવિધા અનુસાર સમય નક્કી કરી અચૂક મતદાન કરીએ. હિટવેવની શકયતાઓને ધ્યાનમાં રાખી બપોરના સમયે સીધા સૂર્ય પ્રકાશના સંપર્કમાં આવવાનું ટાળો મતદાનના દિવસે સરકારી રજાનો દિવસ હોય છે, ઉપરાંત સેક્શન ૧૩૫ બી આરપી એક્ટ ૧૯૫૧ અનુસાર તમામ દુકાનો, વ્યવસાયિક સંસ્થાનો અને તેની સાથે જોડાયેલા વ્યક્તિઓને ખાસ આગ્રહ છે કે તમારે ત્યાં જે પણ મતદાર હોય તેને મત આપવા માટે રજા જરૂર આપે તો ઉપરોક્ત સૂચનાઓ ધ્યાનમાં રાખી આપણે સૌ મતદાનની ફરજ અચૂક નિભાવીએ અને લોકશાહીના અવસરને ઉજવીએ.

# મહીસાગર જીલ્લામાં મતદાનના દિવસે મહત્તમ મતદાન માટે મેડિકલ,મોલમાં ડિસ્કાઉન્ટ અને હોસ્પિટલમાં દર્દીની તપાસ ફી લેવામાં આવશે નહીં

મહીસાગર, લોકસભા સામાન્ય ચુંટણી–૨૦૨૪નું મતદાન ૭મી મે ના રોજ યોજાનાર છે. જે અંતર્ગત મહીસાગર જીલ્લા ચુંટણી અધિકારી નેહાકુમારી દ્વારા વ્યવસાયો સાથે જોડાયેલ વેપારીઓ, મેડીકલ સ્ટોરના માલીકો તથા મોલ અને હોટેલના સંચાલકો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત જીલ્લાના વેપારીઓ, હોસ્પિટલ દ્વારા વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે અને સૌ સાથે મળી જીલ્લામાં મહત્તમ મતદાન માટે પ્રયત્ન કરી રહ્યા છે.

જીલ્લા ચુંટણી અધિકારી નેહા કુમારીના દ્વારા જીલ્લામાં વધુને વધુ મતદાન થાય તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ત્યારે જીલ્લાના કેમિસ્ટ એન્ડ દ્રગીસ્ટ એસોસિએશન દ્વારા મતદાનના દિવસે મતદાન કર્યાનું નિશાની બતાવી દવાની ખરીદી પર ૦૭% ડિસ્કાઉન્ટનો લાભ આપવામાં આવશે અને લુણાવાડા ઔરોવિલ બજાર ખાતે પણ ૦૭% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. સુવિધા હોસ્પિટલ લુણાવાડા અને લીલાવતી હોસ્પિટલ લુણાવાડા ખાતે જે દર્દી મતદાન કરીને આવશે. તે દર્દીની તપાસ ફી લેવામાં આવશે નહીં. આ ઉપરાંત ભગવતી આયુર્વેદ હોસ્પિટલ લુણાવાડા ખાતે મતદાન કર્યાનું નિશાની બતાવી મફત કન્સલ્ટીંગ તેમજ દવાઓમાં ૧૦% ની રાહત આપવામાં આવશે.આમ વિવિધ વ્યવસાયિક સંસ્થાનો મતદાનની ટકાવારી વધે મતદારો જાગૃત થઈને વધુ મતદાન કરે તે માટે આગળ આવી પોતાની સામાજીક જવાબદારી નિભાવી રહ્યા છે.

# આપની આજ.......

મેષઃ આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે. સ્પર્ધકો તમારી આગળ ઊભા રહી શકશે નહીં.

વૃષભઃ આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુનઃ નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો. કોઈની સાથે ઝઘડો ના થાય તેની સંપૂર્ણ કાળજી લો.

કર્કઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે. સાથીઓ ઓફિસમાં સહયોગ ઘટાડશે, જેના કારણે તમારું મન પરેશાન થઈ શકે છે.

સિંહઃ આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે. મોટાભાગે તમે તમારા પોતાનામાં વ્યસ્ત રહેશો, પરંતુ થોડી આળસ કર્યા પછી તમે તમારું કાર્ય પૂર્ણ નિષ્ઠાથી કરી શકશો.

કન્યાઃ આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે. બપોર સુધીનો સમય વ્યસ્ત રહેશે.

તુલાઃ આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો. આજે એકાગ્રતા રહેશે નહીં. આર્થિક લાભ સાંજના આસપાસ થશે.

વૃશ્ચિકઃ આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે. તમે મિત્રો અને પ્રિયજનોને તમારા ઘરે આમંત્રિત કરી શકો છો અને તેમની સાથે વાત કરવા માટે સારો સમય આપી શકો છો.

ધનઃ આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે, જેના કારણે પરસ્પર સુમેળ રહેશે. ધાર્મિક ક્ષેત્રની યાત્રા પણ બનશે.

મકરઃ આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે. કાર્યસ્થળ પરનો મોટાભાગનો સમય અવ્યવસ્થિત કાર્યોને સુધારવામાં ખર્ચવામાં આવશે.

કુંભઃ તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો. નાણાકીય રીતે આજનો દિવસ ઓછો નફાકારક રહેશે.

મીનઃ તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે. લવ લાઈફ માટે સમય અનુકૂળ છે અને જીવનસાથી તમારા બધા કામમાં સહકાર આપશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ચાલતી માલગાડીમાંથી વેગન છુટા પડી ગયા!:લીમખેડાના પાણીયા રેલવે ફાટક પાસે કોલસા ભરેલી માલગાડી બે ભાગમાં વહેંચાઈ ગઈ, સદનસીબે મોટી દુર્ઘટના ટળી

લીમખેડા,

લીમખેડા તાલુકાના પાણીયા રેલવે ફાટક નજીક ડાઉન લાઈન પર જતી માલગાડીના ડબ્બા અધવચ્ચેથી છુટા પડી જતા દોડધામ મચી હતી. માલ ગાડીમાં સવાર રેલવેના કર્મચારીઓએ ડબ્બાને ફરી જોડતા માલગાડી ફરીથી રવાના થઈ હતી.



દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા ખાતે આવેલ રેલવે ફાટક નંબર એલસી ૩૨ નજીક ડાઉન લાઈન પર બપોરના ૧૨:૩૫ મીનીટના અરસામા કોલસા ભરેલી માલગાડી પસાર થઈ રહી હતી તે સમય દરમ્યાન માલગાડીને જોઈન કરતા કપ્લર માથી માલગાડી અધ્ધવચ્ચેથી છુટી પડી ગઈ હતી, માલગાડી અધ્ધવચ્ચેથી છુટી પડતા એન્જીન સાથે જોડાયેલા ડબ્બા આગળ જતા રહ્યા હતા. જ્યારે પાછળના ડબ્બાઓ થોડે દૂર જઈને ઉભા રહી ગયા હતા. પાછળના ડબ્બાઓ ઉભા રહેતા માલગાડીની પાછળ ફરજ બજાવતા ગાર્ડ દ્વારા તાત્કાલિક વોકીટોકી થી ટ્રેનના એન્જીનના પાયલોટ ને જાણ કરતા પાયલોટ દ્વારા તાત્કાલિક માલગાડી ટ્રેન રોકી દેવામા આવી હતી. સમગ્ર ઘટનાની જાણ રેલ્વે માલગાડીમાફરજ બજાવતા કર્મચારીઓએ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હત, અને ત્યાર બાદ ટ્રેનના ડબ્બાઓ સાથે આગળ જતી રહેલ માલગાડીને રીવર્સ મા પાછળ લાવવામા આવી હતી અને ફરીથી માવગાડીના ડબ્બાઓને એકબીજા સાથે જોડવાની કામગીરી રેલ્વે માલગાડીના પાયલોટ અને ગાર્ડ દ્વારા હાથ ધરવામા આવી હતી. ભારે જહેમત બાદ માલગાડીના ડબ્બાઓ એકબીજા સાથે કપ્લરની મદદથી જોડવામા આવ્યા હતા. માલગાડીના ડબ્બા બરાબર જોઈન્ટ થયાની ચકસણી કર્યા બાદ માલગાડીને ફરીથી આગળ લઈ જવામા આવી હતી.

આ સમગ્ર ઘટના મામલે સ્થળ ઉપસ્થિત રેલ્વેના કર્મચારીઓ સાથે વાત કરતા તેમણે કંઈ પણ કહેવાનુ ટાળ્યુ હતુ, જ્યારે પાણીયા ફાટક એલ.સી.૩૨ પર ફરજ બજાવતા ગેટમેન જશવંતસિંહ પટેલ પુછતા જણાવ્યું હતું કે, પીપલોદ થી લીમખેડા વચ્ચે પાણીયા ફાટક નંબર એલ.સી. ૩૨ નજીક કોલસા ભરેલી માલગાડી મા ટ્રેન પાર્ટ થયું હતું અને માધગાડી બે ભાગમાં વહેચાઈ ગઈ હતી. ટ્રેનના ગાર્ડે જાણ કરતા ટ્રેન રોકવામાં આવી હતી અને છુટા પડેલા માલગાડીના ડબ્બાઓને માલગાડીમા સવાર ગાર્ડ સહિતના કર્મચારીઓએ જોઈન્ટ કર્યા હતા અને આ બાબતની જાણ રેલ્વેના ઉપલા અધિકારીઓને કરીને માલગાડી અહિયાથી રવાના કરવામા આવી હતી. સદ્નસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

# દાહોદ ૧૯ સંસદિય મતદાર વિભાગમાંથી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોએ ભરેલા ઉમેદવારી પત્રોની ચકાસણીની કામગીરી પૂર્ણ થઇ ગઈ છે

દાહોદ,

૧૯ સંસદિય મતદાર વિભાગમાંથી લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે અંતિમ તારીખ સુધીમાં કુલ-૨૩ ફોર્મ ઉમેદવારો દ્વારા ભરાયા હતા. જેમાંથી ભરાયેલા કુલ ૨૩ ઉમેદવારી પત્રોમાંથી ૦૯ ઉમેદવારોના ૧૫ ઉમેદવારી પત્રક માન્ય રાખવામાં આવ્યા છે. જ્યારે ૦૮ ઉમેદવારી પત્રો રદ કરવામાં આવ્યા છે.

દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારીની કચેરી ખાતે તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૪ ના રોજ નોમીનેશન પત્રોની ચકાસણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં માન્ય થયેલા ઉમેદવારી પત્રોમાં ઉમેદવારના પક્ષ પ્રમાણે ૦૪ પત્ર (ભારતીય જનતા પાર્ટી), ના ૦૪ પત્ર (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ) ના અને ૦૧ પત્ર (બહુજન સમાજ પાર્ટીનું છે), જયારે ૦૪ (અપક્ષ ઉમેદવારોના), ૦૧ ફોર્મ ભારતીય નેશનલ જનતા દળ, અને ૦૧ ફોર્મ સાથ સહકાર વિકાસ પાર્ટી નું છે.

તેમજ તેમાંથી રદ કરવામાં આવેલા ઉમેદવારોના ફોર્મ જેમાંથી ૦૩ (બીજેપી) ૦૨ (કોંગ્રેસ) ૦૧ બહુજન સમાજ પાર્ટી એટલે BSP , ૦૧ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસિસ્ટ), ૦૧ ભારત આદિવાસી પાર્ટી, BAP ઉમેદવારનો સમાવેશ થાય છે. ચકાસણીના અંતે આ ઉમેદવારીપત્રો અસ્વીકાર કરવામાં આવ્યા છે. તેવું જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે. ત્યારે હવે દાહોદનું ચીત્ર સ્પષ્ટ થતું જોવા મળી રહ્યું છે કે, દાહોદ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ નિર્ણાયક જંગ રહેવાની છે જેમાંથી અન્ય ઉમેદવારો પણ ફોર્મ પરત ખેંચશે કે પછી ચૂંટણી લડવા મેદાને ઉતરશે એતો ૨૨ એપ્રિલના રોજ ખબર પડશે.

# જેકોટ ખાતે આજ રોજ આશા મીટીંગ યોજાઈ જેમાં આરોગ્ય શિક્ષણ વિશે માહીતિ અપાઈ

દાહોદ,

આજરોજ દાહોદ જીલ્લાના દાહોદ તાલુકાના જેકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. ઉદય ટીલાવતના માર્ગદર્શન અન્વયે પ્રા.આ. કેન્દ્ર જેકોટ ખાતે આશા મીટિંગની અંદર પાણીજન્ય રોગો વિશે શું કાળજી રાખવી, હીટવેવની અંદર શું કરવુ શું ન કરવું તેના વિશે, વેક્ટર બોર્ન કંટ્રોલ પ્રોગ્રામ વિશે વિસ્તાર પૂર્વક સમજણ અપાવવામાં આવી અને ORS અને ઝીંક ટેબલેટ કઈ રીતના લેવી તે માટે પણ માહીતી આપવામાં આવી હતી. જીલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ માહિતી PHC,SBCC ટીમ દ્વારા આપવામાં આવી હતી

આ સદર મીટિંગમાં PHCનો તમામ સ્ટાફ અને આશા બહેનો હાજર રહ્યા હતા.

# અમદાવાદમાં એસિડ ફેંકનારને આજીવન કેદ ફટકારવામાં આવી

અમદાવાદ,

અમદાવાદમાં એસિડ ફેંકનારને આજીવન કેદ ફટકારવામાં આવી છે. મહિલા સહિત ત્રણ લોકો પર તેણે એસિડ ફેંક્યુ હતુ. માધુપુરામાં મકાનને લઈને થયેલી બબાલનો કિસ્સો એસિડ એટેકમાં પરિવર્તીત થયો હતો. આના પગલે એસિડ વેચનાર સામે પણ કાર્યવાહીનો આદેશ આપવામાં આવ્યો છે.અમદાવાદની સેશન્સ કોર્ટે એસિડ ફેંકનાર સામે આકરી કાર્યવાહી કરીને સંદેશ આપ્યો છે કે આ પ્રકારનો ગુનો આચરનારને જરા પણ હળવાશથી નહીં લેવામાં આવે. આ પ્રકારના ગુનેગારોને સમાજમાં કોઈ સ્થાન નથી. કોઈપણ પ્રકારનો હુમલો કે કાયદાકીય નિયમોના ભંગની કાર્યવાહી ચલાવી નહી લેવાય.

# દાહોદના મોટીધાંચીવાડા ગામે ઝગડાની અદાવતે યુવતિ અને મહિલાને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા મોટીઘાંચીવાડા વિસ્તારમાં અગાઉના ઝઘડાની અદાવત રાખી બે ઈસમોએ એક યુવતી તેમજ એક મહિલાને ગડદાપાટ્ટુનો માર મારી એકને ચપ્પુ કપાળના ભાગે મારી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાંયાનું જાણવા મળે છે.

દાહોદ શહેરના મોટા ઘાંચીવાડ વિસ્તારમાં રહેતાં રાજીરાબેન હમીદભાઈ જાડા ગત તા.૧૯મી એપ્રિલના રોજ પોતાના નાનીના ઘરે દાહોદ શહેરના કસ્બા મોટાઘાંચીવાડ વિસ્તારમાં હતા તે સમયે ત્યાં અસલમ અહેમદ સફી દલાલ તથા અશરફ એહમદ સફી દલાલ (બંન્ને રહે. મોટાઘાંચીવાડ, દલાલ ફળિયું, તા. જી. દાહોદ) નાઓ આવ્યાં હતાં અને અગાઉથી જુનો ઝઘડો ચાલતો હોઈ અને ગંદા પાણઈના નિકાલ બાબતે ઝઘડો કરતાં હોય તે સમયે રાજીરાબેન ત્યાં ગયા હતા. ત્યારે ઉપરોક્ત બંન્ને ઈસમો એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને કહેવા લાગેલ કે, તું અહીં કેમ આવી, તેમ કહી અસલમે તેના હાથમાનું ચપ્પુ રાજીરાબેનના કપાળના ભાગે મારતાં રાજીરાબેન લોહીલુહાણ થઈ ગયાં હતા. ત્યારે વચ્ચે છોડાવવા પડેલ સા.હુરબાઈને પણ ઉપરોક્ત બંન્ને ઈસમોએ ગડદાપાટ્ટુનો માર મારી તેમજ હાથ પકડી મરડી બેફામ ગાળો બોલી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રાજીરાબેન શહેજાદ જાડાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના રહેવાસીઓને તથા લાગતા વળગતાં તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે, વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે કાયમી પ્રિ- લીટિગેશન લોક અદાલતનો દાહોદ ખાતે પ્રારંભ

દાહોદ,

નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ દ્વારા મંજૂર કરાયેલા વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે કાયમી પ્રિલીટીગેશન લોક અદાલતની પ્રણાલી ગુજરાત રાજ્યમાં આવેલ તમામ જીલ્લા મુખ્ય મથકે આવેલ કોર્ટોમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે. જેમાં દાહોદ જીલ્લા ખાતે આવેલ ફેમિલી કોર્ટ, જીલ્લા ન્યાયાલય કેમ્પસ માં આ સુવિધા સ્થાપિત કરવામાં આવેલ છે . જીલ્લા મુખ્ય મથકે સ્થાપિત કરવામાં આવેલ વૈવાહિક વિવાદોના નિરાકરણ માટે કાયમી પ્રિલીટીગેશન સુવિધા નું તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ ઝાલોદ, લીમખેડા




મુકામે મિડિયેશન સેન્ટરનો પ્રારંભ પણ તારીખ ૧૯/ ૪/ ૨૦૨૪ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ અમદાવાદના મુખ્ય ન્યાયમૂર્તિ સુનિતાબેન અગ્રવાલના હસ્તે પ્રત્યક્ષ ઓનલાઇન થી કરવામાં આવેલ છે. ફેમિલી કોર્ટ, જીલ્લા અદાલત કેમ્પસ, દાહોદ ખાતે આ સુવિધા નો પ્રારંભ કાર્યક્રમ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદના ઈન્ચાર્જ ચેરમેન અને મુખ્ય જીલ્લા ન્યાયાધીશ પ્રેરણા સી. ચૌહાણ ના અદયક્ષ સ્થાને, સેક્રેટરી આર.એ. ઘોરી, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાહોદ તથા હેડ ક્વાર્ટર, દાહોદ ખાતેના તમામ ન્યાયિક અધિકારીઓ, મિડીએટર તથા કર્મચારીની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો. આ સુવિધા અને કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ કુટુંબ પ્રથાને મજબૂત બનાવી સુખમય જીવન જીવવા માટે , પ્રોત્સાહિત કરવા તથા તમામ પ્રકારના વૈવાહિક વિવાદો ઉદભવતાની સાથે જ નિરાકરણ લાવવાનો છે. આ પ્રક્રિયામાં વૈવાહિક વિવાદોના નિરાકરણમાં પારંગત હોય તેવા મધ્યસ્થીની સેવાઓ આપવામાં આવશે. આ સંપૂર્ણ પ્રક્રિયા ગોપનીય, નિષ્પક્ષ, બિનખર્ચા અને ઝડપી પૂર્ણ કરવામાં આવશે જેથી સમાજના કોઈપણ કુટુંબના સભ્યો કે કોઈપણ પ્રકારના મતભેદ, વિવાદ, પડકારો કે તણાવની મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોય તેમનું સુખદ સમાધાન મેળવી શકાશે.

વધુ માહિતી માટે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા અદાલત, છાપરી દાહોદનો સંપર્ક કરી શકશો.

# તંત્ર તૈયારીમાં જોતરાયું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી લીમખેડા, પંચમહાલ અને દાહોદ લોકસભા બેઠકની સંયુક્ત ચૂંટણી સભાને સંબોધિત કરશે

દાહોદ,

ગુજરાતમાં લોકસભા બેઠકો પર ત્રીજા તબક્કામાં ૭મી મેને રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે રાજકીય પક્ષો મતદારોને રીઝવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી ૨૯મી એપ્રિલ થી ૩મે ના સમયગાળા દરમ્યાન દાહોદના લીમખેડા ખાતે પંચમહાલ અને દાહોદની લોકસભા બેઠક માટે ચૂંટણી સભાને સંબોધિત કરી શકે છે. જેના આયોજનના ભાગ રૂપે દાહોદ જીલ્લા ભાજપના નેતાઓ દ્વારા લીમખેડા ભાજપ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી અને પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈને ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામા આવી છે. આ બેઠક મા જીલ્લા ભાજપ પ્રમુખ શંકર આમલીયાર, સાસંદ અને દાહોદ લોકસભા બેઠકના ઉમેદવાર જશવંતસિંહ ભાભોર સહિત જીલ્લા ભાજપ સંગઠનના મહાનુભાવો હાજર રહ્યા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે આઠ વર્ષ પહેલા ૧૭મી સપ્ટેમ્બર ૨૦૧૬ ના રોજ તેમના ૬૭ માં જન્મદિવસ નિમિત્તે આવ્યા હતા અને હવે આઠ વર્ષ બાદ નરેન્દ્ર મોદી લીમખેડા ની ધરતી પર આવવાના છે. ત્યારે મોદીના આગમનની તૈયારીઓ તેજ કરી દેવામા આવી છે.

દાહોદ લોકસભા બેઠક પર છેલ્લા બે ટર્મ થી ભાજપની જીત થઈ છે, પરંતુ દાહોદ જીલ્લામા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો ગ્રાફ ઘટતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનથી ભાજપથી વિખુટા પડેલા મતોને પરત પોતાની તરફ વાળવા ભાજપે આ વખતે પ્રધાનમંત્રીની ચુંટણી સભા લીમખેડા ખાતે રાખવામાં આવી છે.

# દાહોદના જાલત ગામે પત્ની સાથે આડાસંબંધના વ્હેમમાં ૯ ઈસમો દ્વારા ત્રાસ આપતા કંટાળાયેલ વ્યકિતએ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ તાલુકાના જાલત ગામે ૦૯ જેટલા ઈસમોએ એક વ્યક્તિ ઉપર પત્નિ સાથેના આડા સંબંધનો ખોટો શક વહેમ રાખી વ્યક્તિના ઘરે આવી તોડફોડ કરી તેમજ આ બાબતે શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં ત્રાસથી કંટાળેલ વ્યકિત દ્વારા ગામની નદીની ઘેડ ખાતે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

દાહોદના જાલત ગામે માવી ફળિયામાં રહેતાં રત્નાભાઈ હરસિંગભાઈ માવીનો છોકરો હસુભાઈ રત્નાભાઈ માવી ઉપર પોતાના ગામમાં રહેતાં સુભાનભાઈ ભાવસિંગભાઈ માવી, દિલીપભાઈ સુભાનભાઈ માવી, બચુભાઈ થાવરીયાભાઈ માવી, ધર્મેશભાઈ રમેશભાઈ માવી, કમલેશભાઈ કેશવાભાઈ માવી, રમેશભાઈ થાવરીયાભાઈ માવી, ગુલચંદભાઈ સિકલભાઈ સંગાડીયા, સંજયભાઈ રમેશભાઈ માવી તથા દિવાનભાઈ બચુભાઈ માવીનાઓએ પોતાના પરિવારની એક મહિલા સાથે હસુભાઈ સાથે સંબંધ હોવાનો ખોટો શક વહેમ રાખી રત્નાભાઈના ઘરે આવી ઉપરોક્ત ઈસમોએ હસુભાઈને મારી નાંખવાની ધમકીઓ આપી તેમજ ઘરમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડ્યું હતું. ત્યારે અવાર નવાર હસુભાઈને શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ હસુભાઈને મનમાં લાગી આવતાં ગત તા.૧૬મી એપ્રિલના રોજ હસુભાઈએ જાલત ગામે માવી ફળિયામાં આવેલ નદીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.આ સંબંધે રત્નાભાઈ હરસિંગભાઈ માવીએ કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડાના ભે ગામે બાઈક ચલાવવા બાબતે બે પક્ષો મારમારીમાં હથિયારો ઉછળતા ૧૧ને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના ભે ગામે મોટરસાઈકલ ચલાવવા બાબતે બે પક્ષો વચ્ચે ઝઘડો તકરાર થતાં બંન્ને પક્ષો વચ્ચે મારક હથિયારો ઉછળતાં એક મહિલા સહિત ૧૧ વ્યકિતઓને શરીરે ઈજાઓ પહોંચતાં આ મામલે બંન્ને પક્ષો દ્વારા સામસામે પોલીસમાં ફરિયાદ નોંધાંવતાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કર્યાનું જાણવા મળે છે.

ગરબાડાના ભે ગામે ભાગોળ ફળિયામાં તેમજ મધ્યપ્રદેશમાં રહેતાં વજેસીંગભાઈ રામંચદભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, ગત તા.૨૦મી એપ્રિલના રોજ પોતાના ગામમાં રહેતાં અશ્વિનભાઈ ધનજીભાઈ ગણાવા, સુનીલભાઈ ધનજીભાઈ ગણાવા, પ્રકાશભાઈ શનાભાઈ ગણાવા, ઉમેશભાઈ મડીયાભાઈ ગણાવા, રણીયાભાઈ પીધીયાભાઈ ભુરીયા, અમરાભાઈ રણીયાભાઈ ભુરીયા, દીલીપભાઈ ઉર્ફે દીલુ રણીયાભાઈ ભુરીયા, નરેશભાઈ ભારતાભાઈ ભુરીયા, અનેસીંગ ઉર્ફે અનેશ ભારતાભાઈ ભુરીયા, કાજુ ઉર્ફે કાજી ભારતાભાઈ ભુરીયા, મિથુન ઉર્ફે કાનો બાબુભાઈ ભુરીયા, માવજીભાઈ પીદીયાભાઈ ભુરીયા, કલ્પેશભાઈ માવજીભાઈ ભુરીયા, કથડાભાઈ પીદીયાભાઈ ભુરીયા, વિજયભાઈ કથડાભાઈ ભુરીયા, રેમાબેન બાબુભાઈ ભુરીયા, મીલાબેન ભારતાભાઈ ભુરીયા, સાજીબેન ઉર્ફે શારદાબેન ધનજીભાઈ ગણાવાનાઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં કુહાડી, લાકડીઓ, લોખંડનો સળીયો લઈ દોડી આવી બેફામ ગાળો બોલી મોટરસાઈકલ ચલાવવા બાબતની અદાવત રાખી વજેસીંગભાઈ, પરેશભાઈ નરસીંગભાઈ ભુરીયા, કાળીયાભાઈ કશનાભાઈ ભુરીયા, રાજેશભાઈ મનજીભાઈ ભુરીયા, મુકંદર ઉર્ફે કિશનભાઈ ગજીયાભાઈ ભુરીયા, અબ્દુલભાઈ વજેસીંગભાઈ ભુરીયા, રમેશભાઈ વાલાભાઈ ભુરીયા વિગેરે હુકાડીની મુદર વડે, લાકડી વડે તેમજ લોખંડના સળીયા વડે માર મારી શરીરે હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી વજેસીંગભાઈના ઘર પર પથ્થર મારો કરી નળીયા તથા સિમેન્ટના પતરા તોડી નુકસાન પહોંચાડી ભારે ધિંગાણું મચાવ્યું હતું.

જ્યારે સામાપક્ષેથી ગરબાડાના ભે ગામે ભાગોળ ફળિયામાં રહેતાં માવજીભાઈ પીધીયાભાઈ ભુરીયાએ નોંધાંવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, પોતાના ગામમાં રહેતાં વજેસીંગભાઈ રાયસીંગભાઈ ભુરીયા, રમેશભાઈ વાળાભાઈ ભુરીયા, પરેશભાઈ નરસીંગભાઈ ભુરીયા, અબ્દુલભાઈ વજેસિંગભાઈ ભુરીયા, કાળિયાભાઈ કસનાભાઈ ભુરીયા, રાજેશભાઈ મનજીભાઈ ભુરીયા, રાહુલભાઈ દિનેશભાઈ ભુરીયા, મહેન્દ્રભાઈ કનીયાભાઈ ભુરીયા, સીંગાભાઈ વાલાભાઈ ભુરીયા, શૈલેષભાઈ વરસીંગભાઈ ભુરીયા, વિનોદભાઈ મલજીભાઈ ભુરીયા, લાલુભાઈ કસનાભાઈ ભુરીયા, અજયભાઈ કાળીયાભાઈ ભુરીયા, મનેશભાઈ વરસીંગભાઈ ભુરીયા, રામાભાઈ કનીયાભાઈ ભુરીયા, મેહુલભાઈ દિનેશભાઈ ભુરીયા, નન્નુભાઈ કમજીભાઈ ભુરીયા, વિક્રમભાઈ જવસીંગભાઈ ભુરીયા, મહેશભાઈ ખેલીયાભાઈ ભુરીયા, વરસીંગભાઈ રાયચંદભાઈ ભુરીયા તથા હરેશભાઈ રમેશભાઈ ભુરીયાનાઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાના હાથમાં પાઈપ, લાકડી તેમજ હાથમાં પથ્થરો લઈ માવજીભાઈ ઘરે દોડી આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી મોટરસાઈકલ ચલાવવા બાબતે અદાવત રાખી માવજીભાઈ, કથડાભાઈ પીદીયાભાઈ તથા સનાબેન પરેશબાઈ વહોનીયાને પાઈપ વડે, લાકડી વડે, છુટ્ટા પથ્થરો વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી માવજીભાઈ તથા તેમની સાથેના વ્યક્તિઓના ઘર પર પથ્થર મારો કર્યો હતો.આમ, બંન્ને પક્ષો દ્વારા ગરબાડા પોલીસ મથકે સામસામે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ભુલવણ ગામે બાળ લગ્ન અટકાવાયા

દે.બારીઆ,

દે.બારીઆ સહિત હાલમાં દાહોદ જિલ્લામાં લગ્નસરાની મૌસમ પુર બહારમાં ખીલી છે. ત્યારે ગામડામાં કયાંક કયાંક હજુ પણ બાળ લગ્નો થતાં હોવાની ફરિયાદો જિલ્લાના જવાબદાર અધિકારીઓ સુધી પહોંચતી હોય છે. બાળ લગ્નની ફરિયાદ મળતા જિલ્લાના સમાજ સુરક્ષા અધિકારી અને તેમની ટીમ દ્વારા મળેલ માહિતી ખરેખર સાચી છે કે કેમ તેની સંપુર્ણ ખાતરી કરી તાત્કાલિક અસરથી કાયદેસરના પગલા લેવાતા હોય છે.

દે.બારીઆ તાલુકાના ભુલવણ ગામ ખાતે રહેતા પસાયા ફળિયાના કનુભાઈ કુકાભાઈ સંગાડિયાના દિકરાની સગાઈ લીમખેડા તાલુકાના એક ગામની દિકરી સાથે સમાજના રિતી રિવાજ મુજબ કરી લગ્ન નકકી કરવામાં આવ્યા હતા. જેમાં તા.૧૯/૦૪/૨૦૨૪ના રોજ ગણપતિ સ્થાપના, જમણવાર અને ચાંદલાવિધિ, મંડપમુર્હુત, તેમજ ૨૧/૦૪/૨૦૨૪ના રોજ જાન પ્રસ્થાન અને મંગળ ફેરા વિધિની કંકોત્રી પણ સગા સંબંધિઓમાં આપવામાં આવી હતી. જેથી લગ્નની અનેક વિધિઓ ચાલતી હોય ઓચિંતા દાહોદ જિલ્લાના જવાબદાર અધિકારીની ટીમ ભુલવણ ગામે આવી પહોંચતા વરરાજાના પરિવારજનો તેમજ ફળિયાના માણસો પણ અચંબામાં પડી ગયા હતા. દાહોદ જિલ્લા કક્ષાએ બાળ લગ્નની ફરિયાદ થતાં તપાસનીશ અધિકારી તેમજ દે.બારીઆ પોલીસ મથકના પીએસઆઈ એસ.કે.લાડની ટીમ દ્વારા ભુલવણ ગામે તપાસ કરતા વરરાજાની ઉંમર ઓછી હોય જેથી લગ્ન થઈ શકે તેમ નહિ હોય કાયદાની પરીભાષા મુજબ વર પક્ષના આગેવાનો સાથે સમજાવટ કરી બાળ લગ્ન નહિ કરવુ જોઈએ તેવુ જણાવી કાયદેસરના પગલા લઈ બાળ લગ્ન અટકાવ્યા હતા.

# દે.બારીઆના જંગલમાંથી ગેરકાયદેસર દબાણો દુર કરાશે

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકામાં જંગલની જમીનમાં કેટલાક ખેડુતોએ દબાણ કરી તંત્રને ગેરમાર્ગે દોરી વધુ જમીનની માંગણી કરી રહ્યા છે. જે અંગે વનવિભાગ જરૂરી કાર્યવાહી કરશે તેમ જાણવા મળ્યુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષોથી જંગલની જમીન જે ખેડુતો ખેડાણ કરતા હતા તેમના માટે સરકાર તરફથી કાયદેસરની સનદ વિતરણનો કાર્યક્રમ વર્ષો પહેલા દે.બારીઆ ખતે તે સમયના મહેસુલ મંત્રી વજુભાઈ વાળાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં સનદો પણ અપાઈ હતી. જે પછી જંગલ ખાતામાં જમીન પોતાના બાપ-દાદા ખેડાણ કરતા હોવાના કેટલાય પુરાવાઓ રજુ કરીને જમીન મેળવવા માટે જરૂરી કાગળો જંગલ ખાતામાં રજુ કર્યા હતા. જેમાં મોટાભાગે દે.બારીઆ તાલુકાનુ કોઈ ગામ બાકી નહિ હોય કે જે ગામમાં જંગલની જમીન મેળવવા માટે ખેડુતોએ અરજીઓ ન કરી હોય જેમાંથી ઘણા અરજદારો એવા હશે કે તેમના બાપ-દાદા એ કદાચ જંગલમાં જમીનનુ ખેડાણ પણ નહિ કર્યુ હોય અને મફતની જમીન મેળવવા જોઈતા ખોટા પુરાવાઓ ઉભા કરીને ફાઈલ તૈયાર કરી મોકલી દીધી હશે.જંગલની જમીન જેમને મળવાપાત્ર હતી તેમને કાયદેસરની સનદ સરકાર તરફથી આપેલ હતી. તે ખેડુતો જમીનના હકદાર છે. પછી પણ કેટલાય ખેડુતોએ પોતાને મળતી જમીન ઉપરાંત વધારે જમીનની માંગણી કરાવી હાલમાં ખેડાણ કરતા હોવાની ચર્ચાઓ ગામડામાં ચાલી રહી છે.જે ગામમાં જંગલ ખાતાની જમીનનો જેટલો વિસ્તાર છે. તેના કરતા જમીન મેળવવા માટે અરજીઓની ફાઈલો વધારે હોવાની ખાનગી માહિતી મળી છે. જે વાત ઉપરથી ફલિત થાય છે કે, જમીન લેવા માટે ખોટા પુરાવાઓનો ઉપયોગ કરી જંગલ ખાતાના અધિકારીઓને ગેર માર્ગે દોરી રહ્યા છે. કેટલાક ખેડુતોને પોતાને મળેલી જમીનની નજીક હજુ પણ જમીન અમને મળશે તેવુ વિચારી ગેરકાયદે ખેડાણ કરી રહ્યા હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. દે.બારીઆ વન વિભાગના નાયબ વન સંરક્ષક આર.એમ.પરમારે આ અંગે જણાવ્યુ હતુ કે,જે ખેડુતોએ ગેરકાયદે જંગલની જમીનમાં દબાણ કર્યુ છે તેવા દબાણો ટુંક સમયમાં માપણી કરી દબાણ ખુલ્લી કરી કાયદેસરની કાર્યવાહી કરાશે. આમ દે.બારીઆ તાલુકામાં જંગલની જમીનમાં ગેરકાયદે દબાણો તંત્ર દ્વારા હટાવી તે જમીનમાં વૃક્ષારોપણ થાય તે જરૂરી છે.


Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.204

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


## પાવાગઢ ખૂંદપીર નજીક જંગલમાં આધેડ પુરૂષના વિકૃત મૃતદેહ મળતાં પેનલ પી.એમ. કરાવી વિશેરા લીધા

હાલોલ, પાવાગઢની તળેટીમાં આવેલ ખુંદપીર પાસેના જંગલ વિસ્તારમાંથી અજાણી વ્યક્તિનું હાડપિંજર (માનવ કંકાલ) મળી આવ્યું. સ્થાનિક પોલીસ એફએસએલ અને મામલતદાર ઘટના સ્થળે દોડી આવ્યા, પોલીસે એડી નોંધી તપાસ હાથ ધરી.

હાલોલ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢની તળેટીમાં આવેલ ખુંદપીર પાસેના જંગલ વિસ્તારમાંથી એક અજાણ્યા વ્યક્તિનું માનવ કંકાલ (હાડપિંજર) જોવા મળ્યું હતું. જેમાં બનાવ અંગેની જાણ હાલોલ રૂરલ પોલીસને થતા પોલીસ મથકના અધિકારી સહિત પોલીસની ટીમ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થળની તપાસ હાથ ધરી હતી અને બનાવની જાણ હાલોલ મામલતદાર તેમજ એફએસએલની ટીમને કરી હતી. જેમાં ઘટના સ્થળે કેટલાય દિવસ પહેલાનો સંપૂર્ણ ડી-કમ્પોઝ થયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં માનવ કંકાલ કહી શકાય તેમ માત્ર કોઈ માનવનું હાડપિંજર સ્થળ પર પડેલું હતું અને મરણ જનાર કોઈ અજાણી વ્યકિત વ્યક્તિનું કેટલાય દિવસ પહેલા આ સ્થળે કોઈ કારણોસર મૃત્યુ થયું હોવાનું અને જંગલ જેવા સુમસામ એકાંત વિસ્તારમાં કેટલાય દિવસોથી તેનો મૃતદેહ પડેલો હોય કોઈની નજરમાં ન આવવાના કારણે આટલા દિવસોમાં આ મૃતદેને કોઈ જંગલી કૂતરા કે અન્ય પશુ પક્ષી કે જાનવરો ફાડી ખાઈ ગયા હોવાના કારણે માત્ર હાડપિંજર જ રહ્યું હોવાનું હનુમાન લગાવવામાં આવ્યું છે. જેમાં બનાવની જાણ ઘટના સ્થળે દોડી આવેલ મામલતદારે ઘટના સ્થળની તપાસ કરી મૃતદેહની અને તેના હાડપિંજરની તપાસ કરી પંચક્યાસ કર્યો હતો જ્યારે એફએસએલની ટીમે ઘટના સ્થળેથી જરૂરી પુરાવા એકત્રિત કરી તેને આગળની વધુ તપાસ માટે એફએસએલમાં મોકલી આપ્યા હોવાનું જાણવા મળેલ છે. જ્યારે સ્થાનિક રૂરલ પોલીસની ટીમે પણ ઘટના સ્થળની ઝીણવડબરી હાથ ધરી હતી અને મળી આવેલ કોઈ અજાણ્યા માનવના કંકાલ હાડપિંજરને ઘટના સ્થળ પરથી હટાવવાની શક્યતા ન હોવાના કારણે ઘટના સ્થળે જ જરૂરી કાર્યવાહી બાદ હાલોલ મામલતદાર અને એફએસએલની ટીમની હાજરીમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જ્યારે હાલોલ રૂરલ પોલીસે બનાવને અનુલક્ષીને રૂરલ પોલીસ ચોપડે અકસ્માત મોત અંગેની નોંધ કરી મૃતક વ્યક્તિ (માનવ) કોણ છે, ક્યાંનું છે અને કયા સંજોગોમાં તે આ સ્થળે આવીને મોતને ભેટ્યું અને કયા કારણોસર તેનું મોત થયું જેવા અનેક પ્રશ્નો અને રહસ્યને ઉકેલવા માટે હાલોલ રૂરલ પોલીસે આગળની વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

## પંચમહાલ લોકસભા બેઠક ઉપર ૮ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામશે

ગોધરા, લોકસભા બેઠક ઉપર આજરોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના છેલ્લા દિવસે માન્ય થયેલ ૧૦ ઉમેદવારો પૈકી ૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા લોકસભા ચુંટણીમાં પંચમહાલ બેઠક ઉપર ૮ ઉમેદવારો ચુંટણી જંગમાં ઝંપલાવશે.

પંચમહાલ લોકસભા બેઠક માટે ૧૮ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. તે પૈકી ૮ ઉમેદવારી ફોર્મ અમાન્ય થતાં ૧૦ ઉમેદવારો મેદાનમાં હતા. આજરોજ ૨૨ એપ્રિલ ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોય ત્યારે ૧૦ ઉમેદવારો પૈકી બહુજન સમાજ પાર્ટીના ઉમેદવારે તેમજ અપક્ષ ઉમેદવારે પોતાનું ઉમેદવારી પરત ખેંચી હતી. જેને લઈ હવે પંચમહાલ લોકસભા બેઠક ઉપર ૮ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ જામશે. મતદાન વચ્ચે ટુંકા દિવસો બાકી રહ્યા હોય ત્યારે મુખ્ય રાજકીય પક્ષના ઉમેદવારો પોતાના પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. પંચમહાલ લોકસભા બેઠક ઉપરથી બીએસપીના ઉમેદવારને ભાજપ દ્વારા મનાવી લેવામાં આવતાં પોતાની ઉમેદવારી પરત ખેંચી છે. ત્યારે જયારે પંચમહાલ લોકસભા બેઠક ઉપર ૮ ઉમેદવારો મેદાનમાં છે. ત્યારે જોવું રહયું કે, અપક્ષ ઉમેદવાર અને ક્ષેત્રીય પાર્ટીના ઉમેદવારો કોની બાજી બગાડશે ?

### પંચમહાલ લોકસભા બેઠકના ઉમેદવારો

૧. ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ – ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ,
૨. રાજપાલસિંહ મહેન્દ્રસિંહ જાદવ – ભારતીય જનતા પાર્ટી,
૩. જીતેશકુમાર ધનશ્યામભાઈ સેવક – ધનવાન ભારત પાર્ટી,
૪. લક્ષ્મણસિંહ ગલાભાઈ બારીયા – આમ જનમત પાર્ટી,
૫. તસ્લીમ મોહંમદ રફીક દુર્વેશ – અપક્ષ,
૬. પાંડોર કૌશિકકુમાર શંકરભાઈ – અપક્ષ,
૭. મનોજસિંહ રણજીતસિંહ રાઠોડ – અપક્ષ,
૮. રાઠોડ હસમુખકુમાર રણજીતસિંહ – અપક્ષ

## World Earth Day નિમિતે ગોધરા ની જીલ્લા અદાલત ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગોધરા, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગોધરા અને જીલ્લા સામાજીક વનીકરણ વિભાગના સંયુક્ત ઉપક્રમે આજરોજ ગોધરા કોર્ટ સંકુલના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નામદાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદની સુચનાથી તથા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ સી.કે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ કોર્ટ પરિસરમાં જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગોધરાના ડી.સી. જાની તથા જીલ્લા સામાજીક વર્નીકરણ વિભાગનાં ચીફ ફોરેસ્ટ ઓફીસર મીનલ જાનીના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જેમાં ગોધરા હેડ- ક્વાટર ખાતેના તમામ જ્યુડીસીયલ ઓફીસરો, નોન-જ્યુડીસીયલ સ્ટાફ તથા જીલ્લા વકીલ બાર એસોસીએશનના પ્રમુખ ચિરાગ પરીખ તથા જીલ્લા સરકારી વકીલ રાકેશ ઠાકોરસહિતના વકીલ મિત્રો તેમજ ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત સામાન્ય જનતામાં પર્યાવરણનું પ્રત્યે જતન તથા પર્યાવરણની સુરક્ષા માટે જાગૃતિ લાવવાં જેવા ઉમદા આશયથી વૃક્ષારોપણ નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિર્વસીટી દ્વારા પી.એચ.ડી.ની પ્રવેશ પરિક્ષા લેવાઈ : ૪૦૯ વિદ્યાર્થીઓ હાજર હતા



ગોધરા, પંચમહાલ જીલ્લાના ગોધરા પાસે વિઝોલ ખાતે આવેલી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી સમાવેશ થતી શેઠ પી.ટી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ ખાતે પીએચડીની પ્રવેશ પરિક્ષા લેવામા આવી હતી. જેમા ૮૦ ટકા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. શાંતિપુર્ણ માહોલમાં પરીક્ષા પુર્ણ થઈ હતી અને મોડી સાંજે ૮ વાગે પરિક્ષાનું પરિણામ પણ વેબસાઈટ પર જાહેર કરી દેવામા આવશે.

પંચમહાલ જીલ્લા ગોધરા ખાતે મધ્ય ગુજરાતની કોલેજોની સંલગ્ન શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી આવેલી છે. અહી પીએચડીના અભ્યાસ માટેની પણ વ્યવસ્થા છે. યુનિ દ્વારા આજરોજ પીએચડીની પ્રવેશ પરિક્ષા લેવામા આવી હતી.ગોધરા ખાતે આવેલી શેઠ પીટી આર્ટસ કોલેજ ખાતે આવેલા વર્ગો ખાતે પીએચડીની પ્રવેશ પરિક્ષા યોજાઈ હતી. આ પ્રવેશ પરિક્ષા આપવા મોટી સંખ્યામા ગુજરાતભરમાથી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ હાજર રહ્યા હતા. શાતિપુર્ણ માહોલમા પરિક્ષા પુર્ણ થઈ હતી.


પરિક્ષામા કુલ ૫૨૯ જેટલા વિદ્યાર્થીઓ નોધાયા હતા. ૪૦૯ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર હતા. આમ, કુલ ૮૦ ટકા હાજરી નોધાઈ હતી. વીસી પ્રતાપસિંહ ચૌહાણ દ્વારા જણાવામા આવ્યું હતું કે, આ હવે આ પરિક્ષા યુજીસી દ્વારા લેવામા આવશે. આજે મોટી સંખ્યામા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. યુનિ. દ્વારા મોડી સાજે ૮ વાગે પરિણામ વેબસાઈટ પર જાહેર કરીને પીએચડીની પરિક્ષા માટેની તમામ પ્રક્રિયાઓ કરવામા આવશે.

## પંચમહાલની આશાફેસીલેટર અને આશા બહેનોના માનદ્દ વેતનમાં ૨૦૨૨-૨૦૨૩માં થયેલ વધારો ચુકવવામાં જીલ્લા આરોગ્ય અધિકારી વિલંબ કરતાં હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેકટરને રજુઆત

ગોધરા, પંચમહાલ જીલ્લાના આશા ફેસીલેટર અને આશા બહેનોને વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં માનદ્દ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં આશા ફેસીલેટરના ૨૦૦૦/-તથા આશા બહેનોના ૨૫૦૦/-રૂા. પ્રતિમાસ ચુકવણી કરવાના ૧૦ માસથી બાકી છે. જીલ્લા આરોગ્ય અધિકારી દ્રેશભાવ રાખીને ચુકવણીમાં વિલંબ કરતા હોય તેવા આક્ષેપ સાથે આશા ફેસીલેટર અને આશા બહેનો દ્વારા જીલ્લા કલેકટરને લેખિતમાં રજુઆત કરવામાં આવી.

પંચમહાલ જીલ્લાના આશા ફેસીલેટર અને આશા બહેનોના વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં માનદ્દ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. જેમાં આશા ફેસીલેટરને ૨૦૦૦/-રૂા. અને આશા બહેનોને ૨૫૦૦/-રૂા. વધારો થયેલ છે. છેલ્લા ૧૩ માસથી માનદ્દ વેતનમાં કરેલ વધારો ચુકવવામાં આવ્યો નથી. જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા દ્રેશભાવ રાખીને ચુકવણી કરવામાં વિલંબ કરવામાં આવી રહ્યો છે. જીલ્લાની આશા ફેસીલેટર અને આશા બહેનોને ઈન્સેટીવ ૫૦ ટકા માનદ્દવેતન પણ ચુકવણી કરાઈ નથી. તે પંચમહાલ જીલ્લાની આશા ફેસીલેટર અને આશા બહેનોના ૨૦૨૨માં એક મહિનાની હડતાળ કરેલ સમગ્ર ગુજરાતના આરોગ્ય વિભાગીય એફ.એસ.ડબલ્યુ, ઓપેરટેર, સુપરવાઈઝર હડતાળ ઉપર હતા. તેમની સાથે આશા ફેસીલેટર અને આશા બહેનોએ પણ હડતાળ કરી હતી. સરકાર દ્વારા તમામની માંગણી સ્વીકારેલ હતી. ફરજ ચાલુ કરવા જણાવેલ જેથી ફરજ ચાલુ કરેલ હતા. મહેનતાણા બાબતે ગુજરાત સરકાર દ્વારા કોઈનો પગાર કપાત કરવાનો હુકમ કરેલ નથી. તેવા કર્મચારીઓને પગાર ચુકવી દીધેલ છે. ફકત આશા ફેસીલેટર અને આશા બહેનોના જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા મનસ્વી રીતે સપ્ટેમ્બર ૨૦૨૨ના પગાર અને માનદ્દવેતન ચુકવણી કરવા કાર્યવાહી કરેલ નથી.આ બાબતે ગાંધીનગર આરોગ્ય કમિશ્નરને રૂબરૂ મળીને પગાર કપાતનો હુકમ માંગતા પગાર કપાતનો કોઈ હુકમ કરેલ નથી. તેમ જીલ્લા આરોગ્ય અધિકારી પંચમહાલને અવારનવાર રજુઆત કરવા છતાં જણાવેલ કે, કામગીરી કરેલ નથી. હડતાળ કરેલ છે. જેથી પગાર મળશે નહિ અને કોઈને પગાર ચુકવું નહિ તેવો મૌખિક જણાવેલ છે. યોગ્ય નિર્ણય લઈ માર્ચ મહિનાનું હિસાબી વર્ષ પૂર્ણ થયેલ હોય ત્યારે ચુકવણી કરવામાં આવે પંચમહાલ જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા આશા ફેસીલેટર અને આશા બહેનો સાથે ઓરમાયું વર્તન દ્રેષભાવ રાખી માનદ્દવેતન અને મળતા લાભ સમયસર ન મળે તેવા પ્રયત્નો કરેલ છે. તેવા આક્ષેપ સાથે પંચમહાલ જીલ્લા કલેકટરને આરોગ્ય અધિકારી પંચમહાલ જીલ્લા સામે ઘટતી ખાતાકીય કાર્યવાહી કરવાની માંગ સાથે લેખિત રજુઆત કરાઈ છે.

## ગોધરા પાવર હાઉસ વાલ્મીકીવાસમાં માઁ અંબેના ૧૬માં પાટોત્સવએ શોભાયાત્રા નિકળશે



ગોધરા, ગોધરા પાવર હાઉસ વાલ્મીકીવાસ ખાતે પરમપૂજ્ય યોગી, શ્રી ગિરનારી બાપુ ૧૦૮ સનાતન ધર્મના પુનરૂધ્ધારક પુરાણ કાળની પ્રતિમા સમા લાગતા આર્ય સંસ્કૃતિની ભાવનાનું કેન્દ્ર સ્થાન લાગતા ૧૦૮ યોગી ગિરનારી બાપુના પટ્ટ શિષ્ય ૧૦૮ કૃષ્ણાનંદજી બાળ બ્રહ્મચારી જંત્રાલ સીતારામ બાપુના સાંનિધ્ય હેઠળ સમસ્ત વાલ્મીકી સમાજ દ્વારા ૧૬ મો પાટોત્સવ તા. ૨૨-૪-૨૪ થી તા.૨૩-૪-૨૪ એમ બે દિવસ મહાઆરતી તેમજ ગોધરાનગરમાં જગત જનની માં અંબેની ભવ્ય શોભાયાત્રાનું આયોજન સહિત મહાપ્રસાદીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

ચૈત્ર સુદ ૧૪ને તા. ૨૨-૪-૨૪ના રોજ રાતે ૯ કલાકે વાલ્મીકી વાસ ખાતે ગોધરાના અધિવકતા પરિમલભાઈ ડી પાઠક અને જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ કુમારી કામિનીબેન સોલંકી વરદ હસ્તે મહાઆરતી તથા ગુજરાતી કલાકારોના સથવારે ભવ્ય લોકડાયરો યોજવામાં આવશે જેમાં ગુજરાતી અભિનેત્રી અને ગાયક કલાકાર નેહા સુથાર સિંગર જીગર ઠાકોર, વનરાજ બારોટ, ચિંતન પ્રણામી, વિજય ગઢવી ,અશ્વિન ભુવાજી સહિતના કલાકારો ઉપસ્થિત રહી રમઝટ બોલાવશે.

જ્યારે ચૈત્ર સુદ પુનમ તા. ૨૩-૪-૨૪ના રોજ જંત્રાલના આંબાવાડી આશ્રમમાં બિરાજેલ ૧૦૮ કૃષ્ણાનંદજી બાળ બ્રહ્મચારી સીતારામ બાપુ તથા જગતજનની માં અઁબેના ભવ્ય શોભાયાત્રા સવારે ૧૧ થી ૧ કલાક દરમ્યાન ભુરાવાવ ચાર રસ્તાથી સતનામ સાક્ષી થઈ વાલ્મીકી વાસના નિજ ખાતે પરત લાવવામાં આવશે. ત્યારે બપોરે ૧થી ૩ કલાક દરમ્યાન માતાજીના ભવ્ય મહાપ્રસાદીનું આયોજન રાખવામાં આવેલ છે.

જગત જનની માં અંબેના ૧૬મો પાટોત્સવ દરમ્યાન સમસ્ત વાલ્મીક સમાજ દ્વારા ગોધરા નગરમાં તમામ માઈભકતોને માતાજીની શોભાયાત્રા તથ મહાપ્રસાદીનો લાભ લેવા ભાવભીન આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## શહેરાના ગોપી તલાવડી પાસે અજાણ્યા વાહનની ટક્કરે બાઈક પર જતા પત્નીને ગંભીર ઈજા, પતિનુ ઘટના સ્થળે કરૂણ મોત



શહેરા, શહેરા તાલુકાના મંગલીયાણા ગોપી ગામ આવેલી તલાવડી પાસે રોડ પરથી પસાર થઈ રહેલ દંપતિને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી હતી. જેમા બાઈક રોડ પર ફંગોળાતા પતિને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેઓનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે પત્નિને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામા આવ્યા હતા. આ મામલે શહેરા પોલીસ મથક ખાતે પરિવારજનો દ્વારા અજાણ્યા વાહન ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરા તાલુકાના ધામણોદ ગામે રહેતા મુકેશભાઈ અને તેમના પત્ની કૈલાશબેન તેમના પત્ની સાથે મંગલિયાણા ગોપી તળાવ પાસેથી બાઈક પર બેસીને પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે ગફલતભરી રીતે વાહન ચલાવીને અડફેટે લેતા દંપતી રોડ પર પટકાયુ હતુ. જેના કારણે શરીરના ભાગે ગંભીર ઈજા થવાથી મુકેશભાઈનુ ઘટના સ્થળે જ મોત થયું હતું.જયારે રાહદારીઓ દ્વારા ઈજા પામેલા કૈલાશબેનને શહેરા હોસ્પિટલ અને ત્યાથી ગોધરા સિવીલ ખાતે ખસેડવામા આવ્યા હતા. મૃતક મુકેશભાઈના મૃતદેહને પીએમ અર્થે શહેરા રેફરલ હોસ્પિટલ ખસેડવામા આવ્યા હતા. આ મામલે શહેરા પોલીસ મથક ખાતે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પામી.

## શહેરા ધાંધલપુરમાં યુવાનની હત્યામાં પોલીસે આરોપીની ધરપકડ કરી ઘટના સ્થળની મુલાકાત લીધી

શહેરા, શહેરાના ધાંધલપુર ગામ ખાતે ૩૦ વર્ષીય યુવાનની થયેલી હત્યામાં પોલીસે માતા અને પુત્રની ધરપકડ કરીને વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. બનેલ ઘટનાને લઈને નાયબ પોલીસ અધિક્ષક એન.વી.પટેલ એ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી

શહેરા તાલુકાના ધાંધલપુર ગામ ખાતે શનિવારના રોજ નજીવી બાબતે થયેલ ઝઘડામાં ૩૦વર્ષીય યુવાન નું ગળું દબાવાથી મોત થતા પોલીસે જીતેન્દ્ર અને તેની માતા રેખા પટેલના વિરૂદ્ધમાં હત્યાનો ગુનો નોંધ્યો હતો. પોલીસની તપાસ દરમિયાન જીતેન્દ્ર પટેલ અને રેખા પટેલ મળી આવતા ધરપકડ કરીને પોલીસ મથક ખાતે લાવીને પૂછપરછ સાથે વધુ તપાસના ચક્રોગતિમાન કર્યા હતા. પોલીસ મથક ખાતે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરીને પ્રવીણ પટેલની હત્યા કરનાર માતા અને પુત્રને ગોધરા સબજેલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જોકે, આ બનેલા બનાવને લઈને નાયબ પોલીસ અધિક્ષક એન.વી. પટેલ એ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી.

## ગોધરા તાલુકાના સાંપા ગામે મારી પત્નિ સાથે આડા સંબંધ રાખે છે તેમ કહી કટાર વડે હુમલો કરતા ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદ

ગોધરા, ગોધરા તાલુકાના સાંપા માલગુણ ફળિયામાં રહેતા આરોપી ઈસમો પોતાના ઘર આંગણે સુતેલ વ્યકિતને તુ મારી પત્નિ સાથે સંબંધ રાખે છે. ત્યારે મારે પહેલા સંબંધ હતા અત્યારે નથી તેમ કહેતા આરોપી ઈસમો ખોટુ બોલે છે તેમ કહી હાથમાં રાખેલ કટાર પાસામાં તથા કોણીના ભાગે મારી તેમજ બાઈકની તોડફોડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના સાંપા માલગુણ ફળિયામાં રહેતા ફરિયાદી સોનીબેન અરવિંદભાઈ પગી અને કાજલબેન પોતાના ઘરમાં સુઈ રહેલ હતા જયારે ચેતનભાઈ ગામમાં લગ્ન પ્રસંગમાં ગયેલ હોય પરત આવીને ઘરના આંગણામાં સુઈ ગયેલ હતા ત્યારે આરોપીઓ અનીલભાઈ બાબુભાઈ પટેલ, વિપુલભાઈ બાબુભાઈ પટેલ, રાકેશભાઈ ધુળાભાઈ ખાંટ ઘરે આવ્યા હતા અને ઘરના આંગણે સુતેલ ચેતનભાઈને તુ મારી પત્નિ દિપીકા સાથે આડા સંબંધ રાખે છે તેમ કહેતા ચેતનભાઈ મારે પહેલા સંબંધ હતા અત્યારે નથી તેમ કહેતા અનીલભાઈ પટેલ એ તુ ખોટુ બોલે છે તેમ કહી હાથમાં રાખેલ કટાર ચેતનને જમણા પાસામાં તેમજ હાથની કોણીના ભાગે મારી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ઘર આગળ ઉભેલ બે બાઈકોની તોડફોડ કરી ઘરના પતરાને લાકડીઓ મારી નુકસાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે ત્રણ આરોપી પૈકી વિપુલ બાબુભાઈ પટેલિયાને ઝડપ્યો હતો.

## હાલોલ શાક માર્કેટમાં ફટાકડાના તણખલાથી લારીઓ સળગી

હાલોલ, હાલોલ શહેરની મદ્યમાં ગાંધી ચોક ખાતે આવેલ શાક માકેટમાં ઉભી રહેતી શાકભાજીની લારીઓમમાં અચાનક આગ લાગવાની ઘટના સર્જાતા શાકભાજી માર્કેટમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જેમાં એક શાકભાજીની લારીની છત પર લગાવેલા સુકા કંતાનમાં ઉંચે આકાશમાં જઈને ફુટેલા ફટાકડાના તણખા પડતાં સુકા કંતાનમાં આગ લાગી હતી. જેમાં ગરમીમાં સુકાયેલા કંતાનમાં લાગેલી આગે એકબીજાની નજીક અડોઅડ ઉભેલી અન્ય શાકભાજીની લારીઓની પ્લાસ્ટિકની તાડપત્રી તેમજ સુકા કંતાનને લપેટામાં લેતા ભીષણ આગ લાગી હતી. જેમાં સાત જેટલી શાકભાજીની લારીઓ આગની જવાળામાં લપેટાઈ હતી. જયારે સતત ટ્રાફિકથી અને અવરજવરથી ધમધમતા ગાંધી ચોક અને મંદિર ફળિયા જેવા વિસ્તારોમાં શાકભાજીની લારીઓમાં આગ લાગવાની ઘટનાને લઈને અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આસપાસના લોકો દ્વારા હાથ વગા સાધનો વડે ચારે તરફથી પાણીનો મારો ચલાવ્યો હતો. જયારે લારીઓમાં મુકેલ શાકભાજીના જથ્થાને પણ લારી સાથે નીચે ઉંધા પાડી દેતા ભારે જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. જોકે બનાવની જાણ થતાં હાલોલ નગરપાલિકાની ફાયર ફાયટરની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. જો કે તે પહેલા જ મોટાભાગની આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી.આગ કાબુમાં આવે તે પહેલા જ સાતેય લારીઓ તેમજ અન્ય સામાન અને ગલ્લાઓને નુકસાન પહોંચ્યુ હતુ. રોજ કમાઈને ખાનારા શાકભાજીની લારીઓના ગરીબ અને મદયમ વર્ગનના ૬ થી ૭ લોકોને ભારે નુકસાન પહોંચ્યુ છે. સદ્નસીબે આ લાગેલ આગમાં કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતાં હાશકારો થયો હતો.